RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 278* Date: 04.08.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રાહુલ ગાંધીનું બ્રેકફાસ્ટ પોલિટિક્સઃ ૧૪ વિપક્ષી પાર્ટીઓ સામેલ થઇ

# મોંઘવારીના વિરોધમાં રાહુલ ગાંધીની સંસદ સુધી સાઇકલ માર્ચ





## આમ આદમી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી બેઠકમાં ન જોડાઇ, રાહુલ ગાંધી બેઠક બાદ વિપક્ષ નેતાઓ સાથે સંસદમાં સાયકલ લઇને પહોંચ્યા

*ન્યુ દિલ્હી,તા.૩*

વિપક્ષી સાંસદો સાથે નાસ્તા બાદ રાહુલ ગાંધી આજે સાયકલ પર સવાર થઈને સંસદ પહોંચ્યા હતા. રાહુલ ગાંધીની આ સાયકલ માર્ચ બળતણના વધેલા ભાવ સામે વિરોધ હતો. રાહુલ ગાંધીની આ સાયકલ માર્ચમાં વિપક્ષના કેટલાય સાંસદ હાજર હતા. આ પહેલાં દિલ્હીની એક કલબમાં રાહુલ ગાંધી સાથે નાસ્તા માટે ૧૪ વિપક્ષી પાર્ટીના નેતા પહોંચ્યા હતા પરંતુ આમ આદમી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના સાંસદ રાહુલ ગાંધી સાથે નાસ્તા માટે પહોંચ્યા નહોતા.

પેગાસસ જાસૂસી મામલે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વિપક્ષ નેતાઓની સાથે મળી સરકાર સામે કેવી રીતે કાર્ય કરવું તે રણનીતિ પર ચર્ચા કરી. રાહુલ ગાંધીએ આપેલા આમન્ત્રણને માન આપી પ્રમુખ વિપક્ષી દળોના નેતા નાસ્તા પર કોન્સ્ટિટ્યુશન કલબના ભેગા થયા હતા. રાહુલ ગાંધી ઉપરાંત રાજયસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી, તૃણમૂલ કોંગ્રેસના નેતા કલ્યાણ બેનર્જી, શિવસેનાના નેતા સંજય રાઉત, આરજેડીના મનોજ ઝા અને અન્ય ઘણા પક્ષોના નેતાઓએ આ બેઠકમાં હાજરી આપી હતી.

કોંગ્રેસ, એનસીપી, શિવસેના, આરજેડી, એસપી, સીપીઆઇ(એમ), સીપીઆઇ, આઇયુએમએલ, ક્રાંતિકારી સમાજવાદી પાર્ટી કેરળ કોંગ્રેસ, ઝારખંડ મુક્તિ મોરચા, નેશનલ કોન્ફરન્સ, ટીએમસી અને લોકતાંત્રિક જનતા દળના નેતાઓએ આ બેઠકમાં હાજરી આપી હતી. બીજી બાજુ, બેઠક બાદ રાહુલ ગાંધી વિપક્ષના નેતાઓ સાથે સંસદમાં સાઈકલ પર ગયા હતા.

વિપક્ષી દળના નેતાઓ સાથે બેઠકમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'મારા વિચાર મુજબ સૌથી મહત્વપૂર્ણ વાતએ છે કે આપણે બધા એક સાથે રહીયે. આ અવાજ જેટલી એક સાથે રહશે, એટલી જ શક્તિશાળી થશે. આ સાથે ભાજપ અને આરએસએસ માટે તેને દબાવવી મુશ્કેલ થશે.

ઉલ્લેખનીય છે કે, વિપક્ષી નેતાઓ સાથે નાસ્તા બેઠક તેવા સમયે મળી જયારે સંસદના બન્ને ગૃહોમાં વિપક્ષ દ્વારા હંગામો કરાઇ રહ્યો છે. ૧૯ જુલાઇથી મોનસૂન સત્રની શરૂઆત થઇ, પરંતુ અત્યાર સુધી બન્ને ગૃહની કાર્યવાહી ખોરવાઇ છે. વિપક્ષી પાર્ટીઓનું કહેવું છે કે, પેગાસસ જાસૂસી મુદ્દે પહેલાં ચર્ચા કરવા માટે સરકાર તૈયાર થયા બાદ જ સંસદમાં મડાગાંઠનો અંત આવશે. સંસદીય કાર્ય મંત્રી પ્રહ્લાદ જોશીએ વિપક્ષની માંગ રદ કરતાં શુક્રવારે લોકસભામાં કહ્યું હતું કે, આ કોઇ મુદ્દો નથી.

### એક્ટિવ સંક્રમણ ૪.૦૫ લાખની અંદર આવ્યા

# રાહતઃ ભારતમાં કોરોનાના નવા 30 હજાર કેસ, ૪૨૦ના મોત

*ન્યુ દિલ્હી,તા.૩*

છેલ્લા ૬ દિવસથી સતત ૪૦ હજારથી વધારે કેસ નોંધાયા બાદ સોમવારના કોરોના કેસોમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૦,૦૨૯ નવા કેસ સામે આવ્યા છે. આમાંથી ૩૯,૦૨૦ લોકોએ આ બીમારીને હરાવી છે, જ્યારે ૪૨૦ લોકોના મોત થયા છે. કેરળમાં ગઈકાલે ૧૩,૯૮૪ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૬ દિવસ બાદ કેરળમાં ૨૦ હજારથી ઓછા કેસ નોંધાયા છે. આની અસર દેશના કોરોનાના આંકડા પર જોવા મળી છે.

કેરળમાં સોમવારના ૧૩,૯૮૪ લોકો સંક્રમિત થયા. ૧૫,૯૨૩ લોકો ઠીક થયા અને ૧૧૮ લોકોના મોત થયા છે. અહીં અત્યાર સુધી ૩૪.૨૫ લાખ લોકો કોરોનાની ઝપટવામાં આવી ચૂક્યા છે. આમાં ૩૨.૪૨ લાખ લોકો ઠીક થઈ ચૂક્યા છે, જયારે ૧૬,૯૫૬ લોકોના મોત થયા છે. અત્યારે ૧.૬૫ લાખ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

અહીં સોમવારના કોરોનાથી રિકવર થનારા લોકોની સંખ્યા નવા કેસોથી વધારે રહી. ઉલ્લેખનીય છે કે કોરોના વાયરસના કારણે અત્યારે પણ દેશના ૮ રાજયોમાં પૂર્ણ લોકડાઉન જેવા પ્રતિબંધો છે. આમાં પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઓરિસ્સા, તમિલનાડુ, મિઝોરમ, ગોવા અને પોન્ડિચેરી સામેલ છે. અહીં ગત લોકડાઉન જેવા જ પ્રતિબંધો લગાવવામાં આવ્યા છે. દેશના ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંશિક લોકડાઉન છે.

અહીં પ્રતિબંધોની સાથે છૂટ પણ છે. આમાં છત્તીસગઢ, કર્ણાટક, કેરળ, બિહાર, દિલ્હી, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હરિયાણા, પંજાબ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઉત્તરાખંડ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, મેઘાલય, નાગાલેન્ડ, આસામ, મણિપુર, ત્રિપુરા, આંધ્ર પ્રદેશ અને ગુજરાત સામેલ છે.

તો વેક્સિન લગાવનાર લોકોની વાત કરીએ તો અધિકારીઓએ અત્યાર સુધી ૪૭ કરોડ (૪૭૨,૨૨૩,૬૩૯) લોકોને રસીના ડોઝ આપ્યા છે, જેમાંથી ૩૬ કરોડ (૩૬૭,૯૯૪,૫૮૬) ને પ્રથમ ડોઝ મળી ચુક્યો છે જ્યારે બાકી ૧૧ કરોડ (૧૦૪,૨૨૯,૦૫૩) ને બીજો ડોઝ મળ્યો છે.

વર્તમાનમાં દેશભરમાં ૧૮ વર્ષથી મોટી ઉંમરના નાગરિકોને સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાની કોવિશીલ્ડ કે ભારત બાયોટેકની કોવૈક્સીનના ડોઝ આપવામાં આવી રહ્યાં છે. તો દિલ્હી, ગુરૂગ્રામ, બેંગલુરી, ગુવાહાટી, કોચ્ચિ, કોલકત્તા સહિત કેટલાક શહેરોમાં રશિયાના સ્પુતનિક વેક્સીન પણ મળી રહી છે.

## નોર્થ ઇસ્ટમાં બીએસએફ પર આતંકી હુમલોઃ બે જવાન શહિદ

*અગરતલા,તા.૩*

નોર્થ ઈસ્ટમાં આતંકી સંગઠનો ફરી માથુ ઉંચકી રહ્યા છે. ત્રિપુરા રાજયના સરહદી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલી બીએસએફની ટુકડી પર આતંકી સંગઠન નેશનલ લિબરેશન ફ્રંટ ઓફ ત્રિપુરાના આતંકીઓએ હુમલો કર્યો હતો. આ હુમલો સવારે સાડા છ વાગ્યાની આસપાસ થયો હતો. બીએસએફની ટુકડી પેટ્રોલિંગ કરી રહી ત્યારે ઉગ્રવાદીઓએ તેમના પર ફાયરિંગ કર્યુ હતુ. જેના જવાબમાં બીએસએફના જવાનોએ પણ વળતુ ફાયરિંગ કર્યુ હતુ. જોકે બે જવાન ઘાયલ થયા હતા. આમ છતા વળતા ફાયરિંગની હિંમત બતાવી હતી.

એ પછી આતંકીઓ નાસી છુટયા હતા. સૂત્રોનુ કહેવુ છે કે, આતંકવાદીઓમાંથી પણ કેટલાક ઈજાગ્રસ્ત થયા હોવાની આશંકા છે. કારણકે આતંકીઓ જ્યાં છુપાયા હતા ત્યાં લોહીના ડાઘા જોવા મળ્યા છે. આ હુમલા બાદ સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરાયુ છે. આ વિસ્તાર બાંગ્લાદેશ બોર્ડર સાથે જોડાયેલો છે.

### સુપ્રીમ કોર્ટનું મહત્વનું તારણ

# સલામતિ જોખમમાં હોવાનું જણાવી ગમે ત્યારે કોઈની અટકાયત કરી ન શકાય



*ન્યુ દિલ્હી,તા.૩*

કાયદો અને વ્યવસ્થા જાળવવાની પોલીસની સીધી જવાબદારી બને છે. સલામતિ જોખમમાં હોવાનું જણાવી ગમે તેની ગમે ત્યારે અટકાયત કરી ન શકાય, કોની અને કયારે તેમજ કેવા સંજોગોમાં અટકાયત કરી શકાય તે અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા મહત્વનો હુકમ કરી સુરક્ષા તંત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નામર્દાગી ન બતાવી શકે જાહેર વ્યવસ્થાને સીધી અસર થતી હોય ત્યારે જ અટકાયત કરી શકાય કાયદો અને વ્યવસ્થા જાળવવાના ઓઠા તળે ગમે તેની અટકાયત કરવી અયોગ્ય ઠરાવવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટની ડિવિઝન બેન્ચ સમક્ષ કાયદો અને વ્યવસ્થા જાળવવા મુદ્દે થયેલી વિસ્તૃત દલીલના અંતે ન્યાયમૂતિ આર.એચ.નરીમન અને રૂષિકેશ રોય દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવાના કોની અને કયાંરે અટકાયત કરવી તે અંગે સ્પષ્ટ ચુકાદો આપતા ઠરાવ્યું હતું કે કોઇ પણ વ્યક્તિને ત્યારે જ અટકાયત કરી શકયા જ્યાં જાહેર વ્યવસ્થાને સીધી અસર થઇ શકે તેમ હોય, કાયદો અને વ્યવસ્થા જાહેર વ્યવસ્થાને અસર કરતી હોય પરંતુ ઓછો બળથી મોટા જનસમુદાયને અસર કરે તેવા ભયથી કોઇની અટકાયત કરવી અયોગ્ય છે. તે અસુરક્ષાની લાગણી તરફ દોરી જાય છે. તેલંગણાના એક છેતરપિંડીના અટકાયતમાં લેવામાં આવેલી વ્યક્તિને મુક્ત ફરવા દેવામાં આવશે વધુ વ્યક્તિઓ સાથે છેતરપિંડી કરશે તેવી દહેશત સાથે આગોતરા જામીન નામંજુર કરવામાં આવ્યા હતા.

હાઈકોર્ટના હુકમ સામે સુપ્રીમની ડિવિઝન બેન્ચ સમક્ષ થયેલી સુનાવણીમાં બચાવ પક્ષ દ્વારા આ હુકમ અયોગ્ય ગણાવી માત્ર એટલા માટે અટકાયત કરવામાં આવ્યા છે. તેને આગોતરા જામીન આપ્યા હતા. જામીન રદ કરવા પોલીસે કાયદાકીય રીતે કાર્યવાહી કરવી જોઈએ સરકાર પક્ષે આ અંગે ભવિષ્યમાં ફરી વધુ ગુના આચરશે તેવો ડર ઉભો કરવામાં આવી અટકાયત કરવી યોગ્ય ગણાવતી દલીલ કરવામાં આવી હતી. સામાન્ય કાયદાથી તેની સામે કોઇ અવરોધ પેદા નહી થાય તેમ જણાવ્યું હતું.

## શરદ પવાર-અમિત શાહની મુલાકાતથી રાષ્ટ્રીય રાજકારણ ગરમાયું

*ન્યુ દિલ્હી,તા.૩*

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના પ્રમુખ શરદ પવારે મંગળવારે બપોરે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી. શરદ પવારે આ દરમિયાન ચીન સાથે જોડાયેલા ફેડરેશન અને રાજયના રાયગઢમાં આવેલા પૂરના મુદ્દે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે વાતચીત કરી. ઉલ્લેખનીય છે કે અમિત શાહ હવે ગૃહ મંત્રી સાથે સહકાર મંત્રી પણ છે. મહારાષ્ટ્રમાં મોસમના કારણે હાલ-બેહાલ છે, કેટલાક જિલ્લામાં પૂરના કારણે સ્થિતિ ઘણી ભયાવહ થઈ ગઈ હતી. આ દરમિયાન રાજ્ય સરકારે કુલ ૧૧૫૦૦ કરોડ રૂપિયાના રાહત-પેકેજનુ એલાન કર્યુ છે. શરદ પવારે ગયા મહિને જ દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. શરદ પવાર અને પીએમ મોદી વચ્ચે લગભગ એક કલાક સુધી ચર્ચા થઈ હતી. જે બાદ મહારાષ્ટ્રના રાજકારણને લઈને કેટલાક પ્રકારની અટકળો લગાવવામાં આવી હતી.

### ભાજપ સંસદીય દળની બેઠકમાં મોદી વિપક્ષ પર વરસ્યા

# સંસદ ન ચાલવા દેવી એ બંધારણ અને લોકતંત્રનું અપમાનઃ મોદી

*ન્યુ દિલ્હી,તા.૩*

સંસદના ચોમાસુ સત્રમાં વિપક્ષના હોબાળાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંવિધાન અને લોકશાહીનું અપમાન ગણાવ્યું છે. મંગળવારના બીજેપી સંસદીય દળની બેઠકમાં પ્રધાનમંત્રીએ વિપક્ષ દ્વારા સંસદ ના ચાલવા દેવાને સંવિધાન અને લોકશાહીનું અપમાન ગણાવ્યું. પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરકાર અને પાર્ટી સાંસદોએ દરેક એ પગલાં ઉઠાવવા જોઈએ જેનાથી ગૃહને સુચારુ રીતે ચલાવી શકાય.

આ પહેલા બીજેપી સંસદીય દળની બેઠકમાં ઓબીસી વર્ગને મેડિકલના અભ્યાસમાં ૨૭ ટકા અને આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા આરક્ષણ આપવા માટે સાંસદોને પીએમ મોદીએ અભિનંદન પાઠવ્યા. બેઠકમાં પીએમ મોદી સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા અને અન્ય નેતા પણ સામેલ થયા. આ પહેલા ૨૭ જુલાઈના પણ બીજેપી સંસદીય દળની બેઠકમાં પીએમ મોદીએ કૉંગ્રેસ પર જોરદાર નિશાન સાધતા કહ્યું હતું કે, આ પાર્ટી સંસદ નથી ચાલવા દેતી.

તેમણે કહ્યું હતું કે, જયારે કોવિડ-૧૯ પર બેઠક બોલાવવામાં આવી તો કૉંગ્રેસે બહિષ્કાર પણ કર્યો અને અન્ય દળોને આવવાથી રોક્યા.

પીએમ મોદીએ સાંસદોને આગ્રહ કર્યો કે કૉંગ્રેસ વિપક્ષના આ કાર્યને જનતા અને મિડિયા સામે એક્સપોજ કરે. પીએમ મોદીએ સાંસદોને કહ્યું હતું કે, આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસર પર ૭૫ ગામ જાય, ૭૫ કલાક રોકાય. ગામોમાં દેશની ઉપલબ્ધિઓ, દેશની આઝાદી આ તમામ ચીજો વિશે લોકોને જણાવે.

તેમણે કહ્યું કે, એ ખાતરી કરવી પડશે કે આઝાદીના ૭૫ વર્ષનો આ કાર્યક્રમ સરકારી કાર્યક્રમ બનીને ના રહી જાય. આ કાર્યક્રમમાં દેશના જન જનની ભાગેદારી હોવી જોઇએ. ઉલ્લેખનીય છે કે પેગાસસ જાસૂસી અને કૃષિ કાયદાઓના મુદ્દે બંને ગૃહોની કાર્યવાહીમાં સતત અડચણ આવી રહી છે. સરકાર અને વિપક્ષ વચ્ચેનો મતભેદ દૂર થઈ રહ્યો નથી. ઓગસ્ટ મહિનાના પ્રથમ વર્કિંગ ડે એટલે કે સોમવારે પણ કાર્યવાહીને સ્થગિત કરવી પડી હતી. સંસદ સત્ર ૧૯ જુલાઈથી શરૂ થયું છે. જોકે વધુ સમય વિપક્ષના સાંસદોના હંગામા અને વિરોધમાં જ બગડ્યો છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૭

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૯૩૯

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૬૩૭

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ

સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.

BM MAGIC WATERPROOFING

9624163945(M)

8690089211(W)

● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.

● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.

કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.

ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.

માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

# ચીન સીંગતેલ અને મગફળીનું મહત્વ સમજ્યુ તો ભારત કેમ ભુલી ગયું .....?

*વિશ્વભરમાં માનવજાતની વિચારસરણીમાં મોટો બદલાવ આવી ગયો છે. કોઈ શુદ્ધ વિચારસરણી પર ચાલતા નથી તેમજ ખાણી-પીણીમાં પણ શુદ્ધતા કે સાત્વિકતાને જરૂરી મહત્વ આપતા નથી. દરેક દેશમાં તેની આબોહવા અને ઉત્પાદન થતાં કૃષિ પાકો અનુસાર માનવ ખોરાક ઉપલબ્ધ થતો રહ્યો છે. અને તે ખોરાક માનવ શરીરના ઘડતરનું મહત્વનું પાસું બની રહે છે. વિશ્વસ્તરે દેશ-દેશ વચ્ચે ખાદ્ય ચીજ વસ્તુઓની આયાત નિકાસની શરૂઆત થવા સાથે માનવજાત વિવિધ પ્રકારના ખાદ્ય ખોરાક બનાવવાનું શીખી તેને પોતાના દેશને અનુકૂળ સ્વાદિષ્ટ બનાવવાનું શીખી ગયા. ચીન જેવા દેશ પોતાની ઇન્સ્ટન્ટ ખાદ્યસામગ્રી બનાવીને વિદેશ મોકલવાનું શરૂ કરી લોકોને ચાઈનીઝ ખાદ્ય ખોરાકોનું ઘેલું લગાડ્યું. ચીનના રસ્તે અન્ય કેટલાક દેશોની કંપનીઓએ પણ ઝંપલાવ્યું અને વિશ્વના કેટલાક દેશોમાં પોતાની ખાદ્ય સામગ્રીનું ઘેલુ લગાડ્યું. ઠંડા પીણાઓ,કોફી વગેરેનુ પણ ઘેલુ લગાડ્યું, ઉપરાંત વિશ્વના દેશો વિકાસની હરણફાળ ભરવા સાથે આધુનિક કલ્ચરને મહત્વ આપવા લાગ્યા જે કારણ માનવ જરૂરતો ઉપરાંત સૌંદર્ય પ્રસાધનો સહિતની અનેક પ્રકારની વિવિધ ચીજવસ્તુઓના માર્કેટો વિશ્વભરમાં વ્યાપ્ત બની ગયા.... પરંતુ માનવજાતે પોતાને કયો ખોરાક વધારે અનુકૂળ કે પૌષ્ટિક -ગુણકારી છે તે તરફ ધ્યાન નહી આપવાની ભૂલ કરી બેઠો. પરિણામે વિવિધ રોગોનો સામનો કરવા માટે મેડીકલ સહાય લેવાનો સમય આવી ગયો અને આ બાબતનો અનુભવ કોરોનાવાયરસે કરાવી દીધો. જેમાં જે વ્યક્તિના શરીરની વાયરસ સામે લડવાની ક્ષમતા નહીવત હતી કે ઓછી હતી તે માટે તે કોરોના ગ્રસ્તને ઝીંક ઓક્સાઈડ ટેબલેટ આપવામાં આવતી હતી જે તલ માંથી બને છે અને માણસની કોમ્યુનિટીમાં વધારો કરે છે. વૈજ્ઞાનિકોએ શરીરની ઇમ્યુનિટી વધારવા રસી લેવાનું સૂચન કર્યું અને તેનો અમલ વિશ્વભરમા થઈ રહ્યો છે. ત્યારે ચીને ભારતમાંથી મગફળી તેલની અને શીગબીયાની આયાત વધારી દીધી..... કારણ સીંગતેલ તથા તલનું તેલ માનવ શરીરને ભરપૂર માત્રામાં વિટામીન અને શક્તિ પુરા પાડે છે. છતાં ભારતમાં આ બાબતને સમજ ભુલાઈ ગઈ છે કે ઓછા લોકોને છે... તો અનેકોની ખરીદ શક્તિ નથી કે રહી નથી....! અથવા જે તે કંપનીઓની ખાદ્ય તેલોની જાહેરાતની અસર હેઠળ આવી ગયા હોઈ શકે.....!*

*અમેરિકામાં થયેલા સંશોધનો કહે છે કે ઘાણીનુ સિંગતેલ તથા તલનુ તેલ વિશ્વના શ્રેષ્ઠ ખાદ્ય તેલો છે, તેમાં પૌષ્ટિક તત્વો-વિટામીનો ભરપૂર માત્રામા છે. જ્યારે કે વિદ્વાન આયુર્વેચાર્યોએ કહ્યું હતું કે જે તેલીબીયા તમે મોઢાથી ચાવીને ખાઈ શકો તેનું તેલ ઉત્તમ છે, જેમા મગફળી, તલ, બદામ, કોપરું, સોયાબીન વગેરે આવે છે. જ્યારે કે વર્તમાન આધુનિક સમયમાં લોકો કપાસિયા તેલ, પામોલિન, સૂર્યમુખી વગેરે તેલો વધુ વાપરે છે અને આ તેલોનો વિવિધ રીતે બ્રાન્ડેડ કંપનીઓ પ્રચાર કરે છે. પરંતુ કપાસિયા કપાસના બિયારણ છે તે કપાસના પાકમા કેવા ખાતર અને કેમિકલ વપરાય છે તે કોઈ જાણતા નથી. તેમાં મોટા પ્રમાણમાં જંતુનાશક દવા વપરાય છે. જે કારણે વિશ્વના ૨૦ ઉપરાંત દેશોએ બીટી કપાસ પર પ્રતિબંધ મૂક્યો છે. ત્યારે સવાલ છે કે શું તમે કપાસિયા કે સૂર્યમુખીના બી મોઢામાં ચાવ્યા છે ખરા....? એક વાર ચાવજો પછી સમજી જશો.... અને તેનું ઘાણીમાં તેલ કાઢતાં જોઈ લેજો. ખાદ્ય તેલોમાં બદામનુ તેલ ખૂબ જ ગુણકારી છે પરંતુ તેની કિંમત સામાન્ય વર્ગને પરવડે નહીં.... કોપરાનું તેલ સારું છે અને દક્ષિણ ભારતમાં વધુ ખવાય છે, એ જ રીતે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં સરસીયાનુ તેલ મોટા પ્રમાણમાં વપરાય છે અને આ બંને તેલ પૌષ્ટિક છે. જ્યારે સીંગતેલ અને તલ તેલની ભારતમાં વર્ષોથી બોલબાલા છે. તેમાં પણ ઘાણી દ્વારા કાઢેલ તલ અને સીંગતેલ સર્વશ્રેષ્ઠ ગણાય છે. જે શરીરને મજબૂત બનાવે છે ભરપૂર પ્રોટીન આપે છે, રોગીષ્ટ જંતુઓનો સામનો કરી શકે તેવું હોય છે. ટૂંકમાં શરીર માટે પૌષ્ટિક છે અને હૃદયને સ્વસ્થ રાખે છે... તેમાં પણ કાળા તલનું તેલ ગુણવત્તામાં ચાર ચાસણી ચડી જાય... પરંતુ ખાવામાં ઉપયોગ કરો તો... ચીન આ બાબત સમજી ગયું છે એટલે ચીન બે વર્ષ ઉપરાંતથી ભારતમાંથી સીંગદાણા અને સીંગતેલ ખરીદી રહ્યું છે. કારણ તો સમજી ગયા હશો.....! તો હવે જે તે કંપનીઓની ખાદ્યતેલોની જાહેરાતોને સમજીને.... ઘાણીના મગફળી અને તલના તેલને મહત્વ આપજો.....*

### અન્નોત્સવ દિવસઃ વડાપ્રધાને ગુજરાતના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો

# દિવાળી સુધી ગરીબોને મફત અનાજ આપવાની વડાપ્રધાનની જાહેરાત




દાહોદ,તા.૩

રૂપાણી સરકારનાં પાંચ વર્ષ પૂર્ણ કરવાના અવસરે આજે અન્નોત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી છે, જેના ભાગરૂપે દાહોદ જિલ્લામાં રાજયકક્ષાના કાર્યક્રમનું આયોજન કરાયું છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનાજ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કર્યો હતો. એમાં દાહોદ અને રાજકોટના લાભાર્થીઓને આ યોજના લેવામાં કોઇ તકલીફ પડે છે કે નહીં, વચેટિયા હેરાન કરતા નથી ને એ અંગે પૂછ્યું હતું. મોદીએ લાભાર્થીઓ સાથે સંવાદમાં જણાવ્યું હતું કે દિવાળી સુધી ગરીબોને મફત અનાજ મળશે. મોદીએ ગુજરાત સરકારની કામગીરીને વખાણી હતી.વડાપ્રધાન મોદીએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, 'હજુ દિવાળી સુધી ગરીબોને મફત અનાજ મળશે. દરેક સંભવ મદદ કરવી જ અમારો અર્થ છે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ આવતા તમામ લાભાર્થીઓને દર વ્યક્તિદીઠ ૫ કિ.ગ્રા વધારાનું રાશન આપવામાં આવે છે. આજે વિશ્વભરમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના વખાણ થઇ રહ્યાં છે.

વધુમાં જણાવ્યું કે, 'આ યોજના પાછળ સરકાર દ્વારા ૨ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવે છે. જેનો હેતુ માત્ર એક જ છે કે, ભારતની એક પણ વ્યક્તિ ભૂખી ન સૂવે. આ યોજનામાં રાશન કાર્ડધારકોને પહેલાં કરતાં બે ગણી માત્રામાં અનાજ આપવામાં આવી રહ્યું છે. આ યોજના દિવાળી સુધી ચાલશે.

વડાપ્રધાન મોદીએ રાજ્ય સરકારની પ્રશંસા કરતા જણાવ્યું કે, 'ગુજરાતમાં સાડા ત્રણ કરોડ લાભાર્થીઓને મફત અનાજનો લાભ મળી રહ્યો છે. એ માટે હું ગુજરાત સરકારની પ્રશંસા કરું છું. દેશના બીજા હિસ્સાના શ્રમિકોને પણ ગુજરાત રાજ્યએ પ્રાથમિકતા આપી છે. ગુજરાતે સૌથી પહેલાં વન નેશન વન રાશન કાર્ડનો લાભ આપ્યો છે.

આ સાથે જણાવ્યું કે, 'ગુજરાતના એક મોટા ભાગમાં પાણી માટે મહિલાઓને ચાલીને જવું પડતું. રાજકોટમાં પણ પાણી માટે ટ્રેન મોકલવી પડતી. પરંતુ આજે સરદાર સરોવર ડેમ, સૌની યોજના અને કેનાલોના નેટવર્કથી નર્મદાનું પાણી પહોંચી રહ્યું છે. જેના કારણે આજે ગુજરાત ૧૦૦ ટકા 'નળ સે જલ' ઉપલ્બધ કરાવવામાં હવે દૂર નથી. આ પરિવર્તન પણ આખો દેશ અનુભવી રહ્યો છે.

તદુપરાંત પીએમ મોદીએ રાજકોટના એક લાભાર્થી સાથે વાત કરતા પૂછ્યું હતું કે, 'આ યોજનાનો લાભ લેવામાં કોઇ તકલીફ તો નથી પડી રહી ને.' એમાં લાભાર્થીએ જણાવ્યું હતું કે, 'કોરોનાકાળમાં આ યોજના હેઠળ અનાજ મળવાથી ઘણી રાહત છે.

અત્રે નોંધનીય છે કે, આ અવસરે ૧૭ હજાર પંડિત દિનદયાલ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર પરથી 'અન્નોત્સવ' અન્વયે ૪.૨૫ લાખ ગરીબ-અંત્યોદય પરિવારોને વ્યકિતદીઠ ૫ કિલો અનાજ કિટ વિનામૂલ્યે વિતરણ પણ આ કાર્યક્રમથી શરૂ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે ગત વર્ષે જુલાઇથી નવેમ્બરના પાંચ મહિનામાં ૨૦૧ લાખ મેટ્રીક ટન મફત ખાદ્યની ફાળવણી કરી હતી. જ્યારે આ વર્ષની જો વાત કરીએ તો તેમાં અંદાજે ૨૮ લાખ મેટ્રીક ટન મફત ખાદ્યાન્ન વિતરણ કરવામાં આવ્યું છે.

### ચીનને તેના જ ઘરમાં પડકાર

# ભારતીય નૌસેના ચાર યુધ્ધ જહાજો સાઉથ ચાઈના સીમાં મોકલશે

*ન્યુ દિલ્હી,તા.૩*

લદ્દાખ મોરચે તનાવ સર્જનાર ચીનને પડકાર ફેંકવા માટે ભારતીય નૌસેનાએ સાઉથ ચાઈના સીમાં ચાર યુધ્ધ જહાજો મોકલીને શક્તિ પ્રદર્શન કરવાનુ નક્કી કર્યુ છે.

ભારતીય નૌ સેનાના યુધ્ધ જહાજો બે મહિના સુધી સાઉથ ચાઈના સી અને દક્ષિણ પૂર્વ એશિયામાં રહેશે. ભારતીય જહાજો વિયેટનામ, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, ઈન્ડોનેશિયા અને ફિલિપિન્સના યુધ્ધ જહાજો સાથે યુધ્ધા અભ્યાસ કરવાના છે. આ તમામ દેશો સાથે ચીનને સાઉથ ચાઈના સીમાં વિવાદ ચાલી રહ્ય છે.

ભારત દ્વારા જે યુધ્ધ જહાજો મોકલવામાં આવસે તેમાં ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર, ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ, એન્ટી સબમરિન જહાજ પણ સામેલ છે. આ જહાજો એવા સમયે સાઉથ ચાઈના સીમાં જઈ રહ્યા છે જ્યારે તાઈવાન પર ચીનના હુમલાનો ખતરો મંડરાઈ રહ્યો છે.

ચીનના આક્રમક વલણથી સાઉથ ચાઈના સીમાં તેના પાડોશી દેશો પરેશાન છે. આ કારણોસર સાઉથ ચાઈના સીમાં વિવિધ દેશોની નૌસેનાની હિલલચાલ વધી છે. ગયા સપ્તાહે જ બ્રિટનનુ એરક્રાફ્ટ કેરિયર આ વિસ્તારમાંથી પસાર થયુ હતુ. અહીંયા ચીનની નૌસેના સમયાંતરે અભ્યાસ કરતી હોય છે. ચીનનો દાવો છે કે, સાઉથ ચાઈના સી પર અમારો હક છે. આ દાવાના સમર્થનમાં તે અહીંયા કૃત્રિમ ટાપુઓ પણ બનાવી ચુકયુ છે. જ્યાં ભારે હથિયારો અને વિમાનો પણ તૈનાત કર્યા છે.

જાણકારોનુ માનવુ છે કે, સાઉથ ચાઈના સીમાં ભારતીય યુધ્ધ જહાજો વિવાદીત ટાપુઓથી ભલે દુર રહે પણ ચીનને સંદેશ આપવા માટે આ વિસ્તારમાં ભારતીય યુધ્ધ જહાજોની એન્ટ્રી જ કાફી છે. સાથે સાથે ભારતના આ પગલાથી ચીન ભડકશે તેવુ પણ નિશ્ચિત મનાઈ રહ્યુ છે.

# કોરોનાના ડેલ્ટા વેરિયંટથી ફફડી ઉઠ્યું ચીન, લોકોને ઘરની બહાર ના નીકળવા ફરમાન

બેઈજિંગ,તા.૩

આખી દુનિયામાં જયાંથી કોરોના વાયરસ ફેલાયો હોવાનું મનાય છે તેવા ચીનના વુહાનમાં આ વાયરસે ફરી દેખા દેતા સત્તાધીશો દોડતા થઈ ગયા છે. મંગળવારે વુહાનના વરિષ્ઠ અધિકારી લી તાઓએ એક પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરી હતી કે તંત્ર દ્વારા વુહાનમાં રહેતા તમામ ૧.૧૦ કરોડ લોકોનું ટેસ્ટિંગ કરવામાં આવશે. હાલમાં જ વુહાનમાં એક વર્ષના લાંબા ગાળા બાદ લોકલ ઈન્ફેક્શનનો પહેલો કેસ જોવા મળ્યો હતો. વુહાનના વરિષ્ઠ અધિકારીઓનું માનીએ તો સોમવારે લોકલ ટ્રાન્સમિટેડ ઈન્ફેક્શનના સાત નવા કેસ મળ્યા હતા, તમામ દર્દીઓ માઈગ્રન્ટ કામદારો છે. વુહાનમાં ૨૦૨૦માં કોરોના ફાટી નીકળતા આખાય પ્રાંતમાં જડબેસલાક લોકડાઉન લાદી દેવામાં આવ્યું હતું, અને થોડા વખતમાં જ અહીં વાયરસ કાબૂમાં આવી ગયો હતો. જોકે, ત્યારબાદ સમગ્ર વિશ્વમાં તે પ્રસરી ચૂક્યો હતો અને તેણે મહામારીનું સ્વરુપ ધારણ કરી લીધું હતું.

ચીનના અન્ય ભાગોમાં પણ કોરોનાના કેસો જોવા મળતા લોકોને ઘરમાં જ રહેવા અને પ્રવાસ ના કરવા કહેવામાં આવી રહ્યું છે. આ સિવાય ચીને મોટાપાયે માસ ટેસ્ટિંગ પણ શરુ કર્યું છે. સમગ્ર ચીનમાં મંગળવારે ૬૧ નવા કેસ નોંધાયા હતા. કોરોનાનો ખૂબ જ ઝડપથી ફેલાતો ડેલ્ટા વેરિયન્ટ ચીનના કેટલાક શહેરો સુધી પહોંચી ગયો છે. તાજેતરમાં જ નાનજિંગ એરપોર્ટના સફાઈ કામદારોમાં નવા વેરિયંટનો ચેપ જોવા મળ્યો હતો અને હવે આખા ચીનમાં આ પ્રકારના કેસ જોવા મળી રહ્યા છે.

બેજિંગ સહિતના શહેરોમાં આજકાલ લાખો લોકોનું ટેસ્ટિંગ કરાઈ રહ્યું છે. રહેણાંક વિસ્તારોને કોર્ડન કરવામાં આવી રહ્યું છે અને દર્દીના સંપર્કમાં આવેલા લોકોને ક્વોરન્ટાઈન કરવામાં આવી રહ્યા છે. સોમવારે ૪૦ નવા કેસ મળતા પૂર્વ ચીનના નાનજિંગ નજીકના યાંગઝોઉ શહેરમાં સ્થાનિક તંત્ર દ્વારા લોકોને ઘરમાં રહેવાની સૂચના આપી દેવાઈ છે. ૧.૩ કરોડની વસ્તી ધરાવતા યાંગઝોઉમાં એક ઘરમાંથી માત્ર એક જ વ્યક્તિને જીવનજરુરિયાતની ચીજવસ્તુ માટે બહાર નીકળવાની છૂટ છે.

ચીનમાં ૧૫ જુલાઈથી લઈને અત્યારસુધી ૪૦૦ નવા કેસ સામે આવી ચૂક્યા છે. બેજિંગમાં પણ ટુરિસ્ટની એન્ટ્રી બંધ કરી દેવાઈ છે. લોકોને પણ કામ સિવાય ઘરની બહાર ના નીકળવા જણાવી દેવાયું છે.

# CBSE ધો. ૧૦નું પરિણામ જાહેર, ૯૯.૦૪ ટકા વિદ્યાર્થીઓ થયા પાસ

ન્યુ દિલ્હી,તા.૩

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા ધોરણ-૧૦ના પરિણામ જાહેર થઈ ગયા છે. આ સાથે જ સીબીએસઇ-૧૦માંના વિદ્યાર્થીઓને પોતાના પરિણામનો ઈંતઝાર ખત્મ થઈ ગયો છે. જે વિદ્યાર્થીઓએ સીબીએસઇ ધોરણ-૧૦ની પરીક્ષા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. આ વર્ષે ૧૦મામાં ૯૯.૦૪ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે.આ વખતે પણ છોકરીઓએ બાજી મારી છે. પાસ થનારા છોકરાઓની સરખામણીએ છોકરીઓની ટકાવારી ૦.૩૫ ટકા વધારે રહી છે. સીબીએસઇ પ્રમાણે ૫૭ હજાર ૮૨૪ વિદ્યાર્થીઓને ૯૫ ટકાથી વધારે માર્ક્સ મળ્યા છે. તો ૨ લાખ વિદ્યાર્થીઓનો સ્કોર ૯૦થી ૯૫ ટકાની વચ્ચે રહ્યો છે. ૧૦માંની પરીક્ષા માટે ૨૧ લાખ ૧૩ હજાર ૭૬૭ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું, તેમાંથી ૨૦ લાખ ૯૭ હજાર ૧૨૮ વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર થઈ ગયું છે.

### ધારાસભ્યોને વેતન-અન્ય ભથ્થા મળી કુલ ૯૦ હજાર દર મહિને મળશે

# દિલ્હીમાં ધારાસભ્યોના વેતન-ભથ્થામાં વધારાના પ્રસ્તાવને કેજરી કેબિનેટની મંજૂરી

ન્યુ દિલ્હી,તા.૩

દિલ્હી કેબિનેટે મંગળવારના ધારાસભ્યોના વેતન-ભથ્થામાં વધારાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે, જે અનુસાર ધારાસભ્યોને ૩૦ હજાર રૂપિયા દર મહિને બેઝિક વેતન મળશે, જ્યારે અત્યારે ધારાસભ્યોનું દર મહિને વેતન ૧૨ હજાર રૂપિયા છે. દિલ્હી કેબિનેટ દ્વારા મંગળવારના પાસ કરવામાં આવેલા પ્રસ્તાવ અનુસાર ધારાસભ્યોને વેતન અને અન્ય ભથ્થા મળીને કુલ ૯૦ હજાર રૂપિયા દર મહિને મળશે, જ્યારે વર્તમાનમાં દિલ્હીના ધારાસભ્યોને વેતન અને ભથ્થું મળીને કુલ ૫૪ હજાર રૂપિયા દર મહિને મળે છે.

દિલ્હી ધારાસભ્યોનું નવું પ્રસ્તાવિત વેતન ભથ્થામાં બેઝિક વેતન ૩૦ હજાર રૂપિયા, ચૂંટણી ક્ષેત્ર ભથ્થુ ૨૫ હજાર રૂપિયા, સચિવાલય ભથ્થુ ૧૫ હજાર રૂપિયા, વાહન ભથ્થુ ૧૦ હજાર રૂપિયા અને ટેલીફોન ૧૦ હજાર રૂપિયા છે. દિલ્હી સરકારના સૂત્રો પ્રમાણે દિલ્હી અત્યારે પણ એ રાજયોમાંથી છે જે પોતાના ધારાસભ્યોને સૌથી ઓછું વેતન આપે છે.

અનેક ભાજપ, કૉંગ્રેસ અને ક્ષેત્રીય પાર્ટીઓ દ્વારા શાસિત રાજ્યો પોતાના ધારાસભ્યોને ઘણું વધારે વેતન આપે છે, જયારે દિલ્હીમાં રહેવાનો ખર્ચ ભારતના ઘણા ભાગો કરતા વધારે છે.

આ ઉપરાંત અનેક રાજ્ય પોતાના ધારાસભ્યોને અનેક અન્ય સુવિધાઓ અને ભથ્થાઓ આપે છે, જે દિલ્હી સરકાર નથી આપતી, જેમકે રહેઠાણ ભાડા ભથ્થુ, ઑફિસનું ભાડું અને કર્મચારીઓનો ખર્ચ, ઑફિસના ઉપકરણો ખરીદવા માટે ભથ્થુ, ઉપયોગ માટે વાહન, ડ્રાઇવર ભથ્થુ વગેરે દિલ્હી સરકાર દિલ્હી ધારાસભ્યોને નથી આપતી.

સૂત્રો પ્રમાણે વર્ષ ૨૦૧૫માં દિલ્હી સરકારે ધારાસભ્યોના વેતન વધારવાના કાયદાને દિલ્હી વિધાનસભાથી પાસ કરીને કેન્દ્ર સરકારને મોકલ્યો હતો. કેન્દ્ર સરકારે ધારાસભ્યોના વેતન અને ભથ્થા મામલે સૂચનો આપ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલા સૂચનો પર દિલ્હી કેબિનેટે ચર્ચા કરીને નવા પ્રસ્તાવ પર મહોર મારી છે.

# કોરોના સંક્રમિત વ્યક્તિના આંસુઓથી કોરોના ફેલાઇ શકે છેઃ અમૃતસરની કોલેજનો દાવો

અમૃતસર,તા.૩

રંગ બદલી રહેલા કોરોનાને લઈને નવી માહિતી સામે આવી છે. કોરોના સંક્રમિત વ્યક્તિના આંસુઓથી પણ ફેલાઈ શકે છે તેવી માહિતી સામે આવી છે. આવામાં આંખના ડૉક્ટરોને વધારે સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી છે.

અમૃતસરની ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજે એક રિસર્ચમાં આ દાવો કર્યો છે. આ સ્ટડી માટે દર્દીના આરટી-પીસીઆર રિપોર્ટ આવ્યા પહેલાથી ૪૮ કલાકની અંદર આંસુના નમૂના લેવામાં આવ્યા હતા.

રિસર્ચ પ્રમાણે ઑક્યુલર મેનિફેસ્ટેશન અથવા આના વગરના દર્દીઓના આંસુ કોરોના ઈન્ફેક્શનનું સંભવિત કારણ હોઈ શકે છે. ઑક્યુલર મેનિફેસ્ટેશન એ લક્ષણ છે જે શરીરમાં થનારા કોઈ રોગના કારણે આંખ પર અસર કરે છે. અમૃતસરની ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજે કોરોનાના ૧૨૦ દર્દીઓ પર આ સ્ટડી કરી છે. રિપોર્ટમાં એ વાત સામે આવી કે, ૬૦ દર્દીઓમાં આવું નથી થયું. ૪૧ દર્દીઓમાં કંજેક્ટિવલ હાઇપરમિયા, ૩૮માં ફૉલિક્યુલર રિએક્શન, ૩૫માં કેમોસિસ, ૨૦ દર્દીઓમાં મ્યુકોઈડ ડિસ્ચાર્જ અને ૧૧ને ઈચિંગની મુશ્કેલી હતી.

તો ઑક્યુલર મેનિફેસ્ટેશનવાળા લગભગ ૩૭ ટકા દર્દીઓમાં કોરોના વાયરસના આંશિક લક્ષણો મળ્યા. બાકીના ૬૩ ટકામાં સંક્રમણના ગંભીર લક્ષણો જોવા મળ્યા. રિપોર્ટ પ્રમાણે લગભગ ૧૭.૫ ટકા દર્દી જેમના આંસુનો ઇ્‌-ઝઇ ટેસ્ટ થયો તેઓ પણ કોરોના પોઝિટિવ નીકળ્યા. ૧૧ દર્દીઓ (૯.૧૬ ટકા)માં ઑક્યુલર મેનિફેસ્ટશન હતા અને ૧૦ (૮.૩૩ ટકા)ને આવી કોઈ ફરીયાદ નહોતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સંક્રમિત દર્દી કંજેક્ટિવાયટલ સેક્રેશન (સ્ત્રાવ)માં સંક્રમણને દૂર કરે શકે છે.

આ રિસર્ચને ડૉ. પ્રેમપાલ કૌર, ડૉ. ગૌરાંગ સહગલ, ડૉ. શૈલપ્રીત, કે.ડી. સિંહ અને ભાવકરણ સિંહે કર્યું છે. સ્ટડી રિપોર્ટ પ્રમાણે કોરોનાથી સંક્રમિત દર્દીઓના આંસુ આમની દેખભાળમાં લાગેલા મેડિકલ સ્ટાફને પણ સંક્રમિત કરી શકે છે. તેમને ખાસ કરીને આંખ, નાક અને મોઢાની તપાસ દરમિયાન સાવધાની રાખવા કહ્યું છે.

### મંગળવારે સેન્સેક્સ ૮૭૩ અંક વધી ૫૩૮૨૩ની સપાટીએ બંધ

# શેરબજારમાં તેજીઃ સેન્સેક્સ ૫૪ હજારની નજીક, નિફ્ટીમાં પણ તેજી


*મુંબઇ,તા.૩*

ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઇ સેન્સેક્સ આગલા બંધ ૫૨૯૫૦.૬૩ સામે ૫૩૧૨૫.૯૭ પોઈન્ટના મથાળેથી ખુલીને ૫૩૦૮૮.૩૫ પોઈન્ટના નીચા મથાળે થી નવી લેવાલી દ્વારા સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યોપ સરેરાશ ૭૯૯.૬૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૮૭૨.૭૩ પોઈન્ટના ઉછાળા સાથે ૫૩૮૨૩.૩૬ પોઈન્ટ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૧૫૯૦૯.૦૦ સામે ૧૫૯૪૭.૦૦ પોઈન્ટના મથાળેથી ખુલીને ૧૫૯૧૨.૫૫ પોઈન્ટના નીચા મથાળે થી નવી લેવાલી દ્વારા નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યોપ સરેરાશ ૨૫૦.૩૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૨૪૧.૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૧૬૧૫૦.૦૦ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

સતત લેવાલી અને આંતરરાષ્ટ્રીય બજારોના ટ્રેન્ડને અનુસરતા આજે ભારતીય શેરબજારોમાં જોરદાર તેજી જોવા મળી હતી. સેન્સેક્સે આજે ૫૩,૮૮૭ની પોતાની સર્વોચ્ચ સપાટી બનાવી હતી અને છેલ્લે બજાર બંધ થયું ત્યારે સેન્સેક્સ ૫૩,૮૨૩ પર હતો. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે સેન્સેક્સ ૫૨,૯૫૦ પર બંધ થયો હતો. આજે તે ૫૩,૧૨૫ પર ખૂલ્યો હતો અને ૫૩,૮૮૭ની સર્વોચ્ચ સપાટીને સ્પર્શ્યો હતો. સેન્સેક્સમાં આજે બે મહિનાનો સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે નિફ્ટી પણ ૨૪૫ પોઈન્ટ્સના ઉછાળા સાથે ૧૬ હજારના સ્તરને પાર કરી ૧૬,૧૩૦ પર બંધ થયો હતો. બીએસઈ પર આજે ૫૨૬ સ્ટોક્સમાં અપર સર્કિટ વાગી હતી જયારે ૨૧૮ શેર્સમાં લોઅર સર્કિટ લાગી હતી. આજના ઉછાળા સાથે જ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓની માર્કેટ વેલ્યૂ ૨૩૮.૯૫ લાખ કરોડને આંબી ગઈ હતી.

આજે સૌથી વધુ વધનારા સેન્સેક્સના ૩૦ શેર્સની વાત કરીએ તો, ટાઈટન ૪.૧૬ ટકા વધીને ૧૮૪૩ રુપિયાની સપાટી પર બંધ થયો હતો. જ્યારે એચડીએફસી ૩.૭૨ ટકાના ઉછાળા સાથે ૨૫૫૪, નેસ્લે ૩.૪૪ ટકાના ઉછાળા સાથે ૧૮,૩૧૮, ઈન્ડસિન્ડ ૩.૩૬ ટકાના વધારા સાથે ૧૦૨૧, અલ્ટ્રાટેક ૨.૭૫ ટકાના વધારા સાથે ૭૮૫૦ પર બંધ થયા હતા. આ સિવાય બેક્કિંગ, એફએમસીજી, ફાર્મા, આઈટી અને રિયાલ્ટી શેર્સમાં પણ સારી એવી તેજી જોવા મળી હતી. આજની રેલીમાં માત્ર મેટલ સ્ટોક્સ જ પાછળ ચાલી રહ્યા હતા.




આજે અશોક લેલેન્ડ ૪.૪૫ ટકાના ઉછાળા સાથે ૧૪૦ રુપિયાની સપાટી પર બંધ થયો હતો. જ્યારે મારુતિ ૧.૮૦ ટકાના વધારા સાથે ૭,૨૦૩ પર બંધ આવ્યો હતો. ટાટા મોટર્સ પણ આજે ૨.૨૯ ટકાના ઉછાળા સાથે ૩૦૩ રુપિયાના લેવલને આંબી ગયો હતો.

આજે ટાટા એલેક્સી ૨.૫૯ ટકાના ઉછાળા સાથે રુ. ૪૩૨૯ પર બંધ આવ્યો હતો. ઈન્ફોસિસ પણ ૧.૪૫ ટકા સાથે પોતાની ઓલટાઈમ હાઈ સપાટી પર પહોંચી ગયો હતો. ટીસીએસમાં પણ આજે ૨.૦૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો અને માર્કેટ બંધ થયું ત્યારે આ શેર ૩૨૮૪ની સપાટી પર હતો. ઈન્ફોએજમાં પણ આજે ૧.૨૩ ટકાનો વધારો જોવાયો હતો, બજાર બંધ થયું ત્યારે તેનો શેર રુ. ૫૩૬૭ના સ્તરે હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચનાઓ

વિષય : અનરાધાર - મુશળધાર, ફોરા,છાંટા,કરાં,મેઘ , બારેમેઘ ખાંગા, પાણીમેહ - હેલી,મેહુલિયો,વરસાદ" વિષયક રચનાઓ.(તા.૦૪-૮-૨૦૨૧) દિવસ - ૨ (બીજો દિવસ)

**Jan fariyad & News of Gandhinagar daily**
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

## NOG SS NO.0095

વિષય :-- અનરાધાર , મુશળધાર
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- " રઘુની મનોવ્યથા "

રાધા હીંચકે બેઠી બેઠી પ્રકૃતિને નિહાળતી વિચારી રહી હતી .પોતાનાં પર વિતેલી પીડાને યાદ કરતાં જ પાંપણે અશ્રુ આવીને અટકી ગયા .વરસાદી વાતાવરણે એને ભૂતકાળમાં પહોંચાડી દીધી.

રાધા રઘુને ત્યાં જ રહેતી ને ઘરનું કામ કરતી હતી. એકલી હતી ને પતિનાં અત્યાચારથી ત્રાસીને એક દિવસ સરજૂને લઈને ઘર છોડીને નીકળી ગઈ હતી. બસમાં બેસીને સીધી છેલ્લાં સ્ટેશને જ ઊતરી .ક્યાં જવું એની ચિંતામાં એક ઝાડ નીચે ઊભી રડતી હતી. રઘુ પણ ત્યાં જ થોડે દૂરથી એને જોતો હતો .માનવતા દાખવીને એની પાસે ગયો , જાણ્યું કે એનું કોઈ નથી ને ક્યાં જવું એ નથી ખબર , એટલે પોતાની સાથે ઘરે લાવ્યો .પોતે પણ એકલો જ હતો ને એક સ્ત્રીને બાળક સાથે એકલી ઘરમાં રાખવી યોગ્ય નથી એમ લાગતાં થોડાજ દિવસોમાં બેઉએ લગ્ન કરી લીધા.સરજૂને પિતાનું નામ મળ્યું.

વર્ષો વીત્યાં. આજે ફરી પાછી વરસાદની એક એવી હેલી આવી ને રઘુની સામે ત્રીસ વર્ષનાં દામ્પત્ય જીવનનાં સંસ્મરણો તાજા થઈ ગયા. હૈયે વસેલી રાધાની યાદોની હેલી અશ્રુ બનીને આંખેથી વહેવા લાગી. રાધાનાં મૃત્યુ પછી રઘુ સાવ એકલો પડી ગયો હતો .સરજૂએ રઘુનું મકાન વેચીને શહેરમાં એક ફ્લેટ લીધો હતો. રઘુને એક નાની એવી ઓરડીમાં ભાડે રહેવાની સગવડ કરી હતી.પોતે પરિવાર સાથે શહેરમાં રહેવા લાગ્યો હતો.

સોમો રઘુ માટે ટિફિન લાવ્યો. "ચાલો સાહેબ જમી લો." રઘુ કહે , " ના આજે ભૂખ નથી " " હેં સોમા , શું મા બાપ આ દિવસો જોવા જ સંતાનોને જન્મ દેતા હશે ? શું એટલે જ ભણાવીને મોટા કરતાં હશે ?" ના ના સાહેબ , જવા દો ને! એ ક્યાં તમારું પોતાનું લોહી છે ? એની આશા ના રાખો .

આજે જો રાધા જીવતી હોતને તો હું એની સાથે એનાં પ્રેમનાં સહારે સૂકો રોટલો ખાઈને પણ જીવી લેત ! પણ હવે રાધા વગર નથી જીવાતું .એમ થાય છે કે ક્યાંક જઈને કૂવો પુરુ ! પણ ના, એ તો પાપ કહેવાય. મારી રાધાનો આત્મા દુભાય!

હે મહાદેવ ! મને મારી રાધા પાસે લઈ લો ને ! હવે નહીં જીવાય એનાં વિના! એટલું બોલતાં જ રાધાનાં વિરહમાં રઘુનાં શ્વાસ થંભી ગયા. બહાર વરસતા વરસાદની હેલીએ રાધાની યાદોએ રઘુનાં શ્વાસને થંભાવી દીધાં.
સોમાની આંખો વરસી રહી ! એ કશું બોલી ના શક્યો....!!

દીપિકા ચાવડા " તાપસી ".

---

## NOG SS No. - 0063

વિષય - અનરાધાર, મુશળધાર...
વિભાગ - ગદ્ય
પ્રકાર - માઈક્રોફિક્શન
શબ્દો - ૧૪૨
શીર્ષક - 'ભાભાનું બ્રહ્મવાક્ય'

મુકુંદરાયની આંખમાંથી વરસતા આંસુ અને મુશળધાર વરસાદે જાણે હોડ બકી હતી. નાસીપાસ, ભાગ્યાં ભાગ્યાં સડસડાટ જાતાં એણે ખેતરના શેઢે પ્લાસ્ટિક ઓઢી બેઠેલા ખેડૂતને અકળાઈને કહ્યું, ' અંદર ઝુંપડું છેજ તો એમાં બેસને, અહીં શું કરે છે?'
'અરેરે, બળ્યા નસીબ. અંદર મૂઠી જેવડાં ઝૂંપડામાં પગ મૂકવાની જગ્યા નમળે..ને અહીં આ મે' ઝાઝો રહ્યોં તો ઊભી મોલાત ધોવાઈ જાશે.. પણ તમે તમારું કામ કરોને..' સામો જવાબ પણ એવો જ મળ્યો.
'અરે, કાચું સોનું વરસે છે.. કાચું સોનું.. મોલાતને તો જીવતદાન દીધું મારા કળીયાઠાકોરે.. ઈ મારો વ્હાલો ધે, ત્યારે છપ્પર ફાડી ને ધે.
ઈ.. તો.. એનું કામ કરે જ છે. આપણને મુલવણી આવડવી જોઈએ.' થોડેક આઘે બેઠેલા ભાભાએ હરખાતા બ્રહ્મવાક્ય ઉચાર્યું.
પણ, તમે અહીં ડેમ બાજુ! ક્યાં હાલ્યા શેઠ?' ભાભાએ આશંકિત પૂછ્યું.
ઘડીવારમાં પોતાના ધોવાયેલા નસીબને નવજીવન દેતાં મુકુંદરાય ખમચાઈને બોલ્યાં, 'હેં.. બસ પાછો જ વળું છું.'
ખરેખર, જીવનદાતા ગમે એ સ્વરૂપે આવે છે. એ ચોક્કસ..' મુકુંદરાય મનમાં બોલ્યાં.

રીટા ભાયાણી

---

## NOG SS No : 0001

વિષય : અનરાધાર,મુશળધાર
પ્રકાર : ગદ્ય
શીર્ષક : " પૂજારી "

વહેલી પરોઢ નો વરસાદ મંડાણો હતો.જાણે આભ ફાટ્યું હોય ! સાજ થતાં સુધીમાં તો વીજળીના કડાકા ભડાકા અને ગડગડાટ કરતો મેહુલો ગાંડોતૂર બન્યો હતો. વાતાવરણને ડરામણું અને ભયાવહ કરી દીધું હતું ચારે બાજુ જળબંબાકાર ! ગામ આખુ ભેંકાર ભાસતું હતું. આવા ભયાનક અને બિહામણા વાતાવરણમાં પણ મહાદેવના મંદિરે પૂજારી આરતી કરીને ઓરડીમાં સુવા આવ્યા હતા. લાઈટ નહોતી એટલે ફાનસના અજવાળે ભગવાનનું નામ રટતા રટતા માળા જપતાં ખાટલે બેઠા.

અચાનક કોઈએ ડેલી નું બારણું ખટખટાવ્યું. પૂજારી વિચારવા લાગ્યા કે આટલી ઘનઘોર અંધારી રાત્રે ધોધમાર વરસાદમાં કોણ આવ્યું હશે ? તેમ બોલતા બોલતા બારણું ખોલ્યું તો સામે એક અજાણ્યો જણ વરસાદમાં પલળેલી હાલતે ધ્રૂજતો હતો. કોણ છો આપ ? રસ્તો ભૂલ્યો છું બાપ ! વટેમાર્ગુ છું . મેઘો મંડાણો છે અને અંધારી રાત છે એટલે ભૂલો પડ્યો છું. રાતવાસો કરવો છે.પૂજારીએ અંદર બોલાવીને એને પોતાનું પહેરણ બદલવા માટે આપ્યું પછી વાતોએ વળગ્યા અને ઘણી બધી વાતો કરી એમાં પૂજારીને જાણવા મળ્યું કે વટેમાર્ગુ માધોપર નો છે. એના બાપા જે એની માને નાનપણમાં દારુણ ગરીબી થી હારીને એકલા છોડીને જતા રહ્યા હતા. શંકર વટેમાર્ગુ નું નામ હતું. એની માનું નામ પાર્વતી અને બાપા શિવલાલ ! જાણે સાક્ષાત્ મહાદેવ નો જ પરિવાર શિવલાલ ને બધું જ યાદ આવી ગયું પોતે જ શિવલાલ અને આ એનો જ દીકરો છે જેને એ છોડીને વર્ષો પહેલાં નીકળી ગયો હતો . પાર્વતી આજે જીવનના છેલ્લા મુકામે પડી છે અને એની છેલ્લી ઇચ્છા હતી એના પતિ શંકર નું મોઢું જોવાની. એના પિતા વિશે ક્યાંકથી જાણવા મળ્યું હતું કે એના પિતા સોનગઢ ગામે એક મંદિરમાં પૂજારી છે એ પણ માધોપરના જ છે.

શંકર બાપુ ને શોધતો શોધતો મુશળધાર વરસાદમાં પણ અહીં પહોંચી ગયો અને બાપુ ની ઓરડી માં હતો ત્યાં જ વીજળીના કડાકા ના અજવાળે બેઉની નજર મળી . બેઉના જમણા ગાલે એક મોટું લાખું હતું.એકબીજા ને બેઉ જણા સમજી ગયા અને ઓળખી પણ ગયા ! બેઉની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી અને એ આંસુ વહેતા પાણી માં વહી ભળી પણ ગયા....તરતજ બેઉ જણ માંધોપર જવા નીકળી ગયા.પાર્વતી ને જોતા જ શિવલાલ ની આંખો ભરાઈ ગઈ.પાર્વતી એ બેઉ ને પાસે બોલાવ્યા..પછી તો ત્રણેય એકબીજા ને ભેટીને,વળગીને હરખ ના આંસુ વહાવતાં મુક બની એકબીજા ને નિહાળતા રહ્યા.....

પ્રદીપ રાવલ.સંચાલક

---

## NG/022

વિષય : અનરાધાર
વિભાગ : ગદ્ય
પ્રકાર : વાર્તા
શીર્ષક : ઘૃણા

બહાર કાજળઘેરા અંધકારે પોતાનું સામ્રાજ્ય ફેલાવી દીધું હતું. કાળા વાદળો પાછળ ચંદ્ર છુપાઈ ગયો હતો. વરસાદે ધીમે ધીમે વરસવાનું શરૂ કરી દીધું હતું. ઇન્સ્પેક્ટર રમેશે ઘરે આવીને કપડાં બદલ્યાં જ હતાં અને જમવા બેસવાનો હતો તે જ સમયે તેનો ફોન રણક્યો.

કોલ કરનાર હવાલદાર માથુર હતો. તેણે કહ્યું, "સાહેબ, જલ્દી આવો, માલ રોડ ઉપર એક લાશ મળી છે."

રમેશે તરત પોતાની વર્દી પહેરી લીધી. માલ રોડ એરિયા તેના હસ્તક હોવાને લીધે તે પત્નીને તરત આવું છું એટલું કહીને ઝડપથી નીકળ્યો. વરસાદ ધીમો પડી ગયો હોવાને લીધે રેઈનકોટ પહેરવાની દરકાર કર્યા વગર જ બુલેટ ઉપર બેસી ગયો. માલ રોડ ઉપરના બંગલામાં લાશ મળી હતી.

લાશનો ચહેરો જોયા પછી તેના શ્વાસ બે ઘડી માટે થંભી ગયા. લાશ અનુપમાની હતી. તેની નજર સામેથી કોલેજકાળ પસાર થઈ ગયો. જેની સાથે જીવન જીવવાનાં સપનાં જોયાં હતાં, તે અનુપમા પત્રકારિતાનો અભ્યાસ કરવા માટે મોટા શહેરમાં ગઈ. તેનો સંપર્ક કરવાની કોશિશ કરી પણ નાકામ રહ્યો અને આજે મળી તે પણ લાશ સ્વરૂપે. હજી પણ તેનો ચહેરો સોહામણો લાગી રહ્યો હતો, જાણે હમણાં જ ઉઠીને કહેશે, "ચાલ રમેશ, કોફી પીવા જઈએ."

તેણે હવાલદારને પંચનામું કરવા કહ્યું અને પોતે ત્યાં હાજર રહેલ લોકોની પુછપરછ કરવા લાગ્યો. તેણે નોકરને પૂછ્યું, "ખૂન થયું ત્યારે તું ક્યાં હતો?"

"સાહેબ, હું બજારમાં શાકભાજી લેવા ગયો હતો. બેન પોતાના કોઈ મિત્રને શોધવા માટે જ શહેરમાં આવ્યાં હતાં. તે કોઈ મોટા ષડયંત્ર વિશે વાત કરી રહ્યાં હતાં."

કાર્યવાહી પૂર્ણ કરીને તે બહાર નીકળ્યો. મગજમાં અનેક વિચારો શરૂ થઈ ગયા. એક નનામો કોલ, મંત્રી વિરુદ્ધ પુરાવાઓ આપવાની ખાતરી, સાહેબને કોલ, શાંતિ રાખવાની વાત, એક મોટી બેગ, આંખોમાં ચમક.

તેણે બુલેટને કીક મારી અને ઘરે જવા નીકળ્યો. આસમાનમાંથી અનરાધાર વરસાદ શરૂ થઈ ગયો અને એટલી જ અનરાધાર ઘૃણા તેના મનમાં પોતાના માટે વછુટી.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા

---

## NOG SS NO- 0088

વિષય શબ્દ- વરસાદી માહોલ
પ્રકાર- ગદ્ય
શીર્ષક- હેતની હેલી..દીકરી

ચોમાસાની ઋતુ એટલે પ્રકૃતિના નવસર્જનની અને સર્વત્ર મન મૂકીને માત્રને માત્ર વરસવાની સાથે કંઇક આપી છૂટવાની ઋતુ.
છૂટ ગગનમેઘની સલિલધાર, આવે ધરા;
તૂટે તિમિર શાં પડો, સ્વપન સર્વ થાતાં ખરાં:
ઝૂલે પવનમાં ફળો, હરિત પાન ડાળે ઝૂલે;
વિશાળ વડ આજ એ વિહગગીતને સાંભળે....
કવિ શ્રી પ્રહલાદ પારેખની આ પંક્તિઓ જોતાં....

જ્યારે આકાશેથી અમૃત જલધારા ધરતી પર વરસે ત્યારે.. બીજાંકુંરો ધરાનાં તિમિર પડોને તોડીને ફૂટી નીકળે છે. ધરતી હરિતવર્ણી થઈને નવપલ્લવિત થાય છે. ફળો, ફૂલો પવન સાથે ડોલી ઊઠે છે. વટવૃક્ષ પર પંખીઓ કિલ્લોલ કરે છે..

ચોમાસું અને એમાંય.. ચારેબાજુ ગોરંભાયેલા આકાશમાં ભલે મેઘવર્ણી છતાંય.. લીલાગર્ભથી ભરેલી વાદળીઓ પુરા મહિનાની ગર્ભિણી હોવા છતાં પ્રગલ્ભાની જેમ ધીમે પગલે અહીં-તહીં વિહરે છે.

ત્યારે તાજી પ્રસવમાંથી ઊઠેલી ઠાલી વાદળી સખીઓ ઝડપથી તેની સમીપ સરકી જાણે... કાનમાં કંઈક કહી વીજળી રૂપી હાથતાળી આપી હસે છે.. ત્યારે તેમનું ખડખડાટ હાસ્ય ચોતરફ પડછાય છે.

સખીની મીઠી ટીખર સાથે પાછી ગર્ભિણી વાદળી પોતાનાં ભાવિ સુવાળાં સપનામાં સરી પડે છે.. પોતાના પ્રસવના જલ સ્પર્શે ગર્ભિણી ધરતી પણ નાનાં બાળતરૂથી માતૃત્વ ધરશે ને સમગ્ર સૃષ્ટિ માનાં પયપાન થકી તૃપ્ત થશે.

૨૫ વર્ષ પહેલાંની ૨૮ જુલાઇની આવી જ એક ચોમાસાની હેતાળ હેલીથી ગોરંભાયેલી સાંજે એક પ્રસૂતા ભાવિનાં લીલાં સપનાં સાથે કણસી રહી હતી બરાબર રાત્રિના ૯:૪૫ કલાકે સુંદર ચાંદના ટુકડાને એ ખોળે ધરે છે..

ચાર-પાંચ દિવસથી જામેલ હેલીથી ધરાનાં ખોળે બાળતરું અને માની આંખેથી વહેતાં હર્ષાશ્રુની હેલીથી લાડલી દિકરી ભીંજાતાં હતાં...

હા.. મારું પ્રથમ સંતાન.. મારી દીકરી.. મારી હેતની હેલી... એ મારું સમગ્ર ઘર કિલ્લોલતું કર્યું.. વડદાદાએ રાજી રાજી થઈ હેતે અમીસાર્યાં ને.. નવી ડાળનાં નાના નવા પંખીને આવકાર્યું...

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

# દીકરાને RTE હેઠળ શાળા પ્રવેશ, ગંગાસ્વરૂપ સહાય હેઠળ પેન્શન અને રાહત દરે અનાજથી ભાવનાબેનનું જીવન સરળ બન્યું

અમદાવાદના ગીરધરનગરમાં રહેતા ૨૯ વર્ષના ભાવનાબેન દંતાણી છૂટક મજૂરી કરીને ગુજરાન ચલાવે છે. આઠ વર્ષ પહેલા તેમના પતિનું આકિસ્મક અવસાન થયું હતુ.એક વર્ષના દિકરા રોહિતને લઈને ભાવનાબેન ચિંતીત હતા. તેમને ભવિષ્યની જવાબદારીઓની ચિંતા સતાવતી હતી.

આ કપરી પરિસ્થિતિમાં ભાવનાબહેનને ત્રણ સરકારી યોજનાનો સાથ મળ્યો. દિકરાને ભણાવવા માટેરાઇટ ટુ એજ્યુકેશન (RTE) નો કાયદો તેમનો સહારો બન્યો. દિકરા રોહિતને શાહીબાગની એક ખાનગી શાળામાં પ્રવેશ મળતા રોહિતના ભણતરનો ભાર ભાવનાબેનના શીરેથી હળવો થયો. ભાવનાબેનને કોરોનાકાળમાં ગંગાસ્વરૂપ પેન્શન સહાય યોજનાની જાણકારી મળી. જેનો લાભ મેળવવા તેમણે ફોર્મ ભર્યુ અને તેમને ત્વરીત લાભ મળવાનો શરૂ થયો.આજે તેમને પેન્શનની રકમ ડી.બી.ટી. મારફતે સીધા તેમના બેંક ખાતામાં જમા થાય છે. જેના કારણે ભાવનાબેનના જીવનની આર્થિક ભીંસ હળવી બની છે.

ભાવનાબેનને શિક્ષણ અને આર્થિક સહાય તો મળી હતી હવે પ્રશ્ન ભરણપોષણનો હતો.રાજ્યમાં કોરોનાના કપરો કાળ શરૂ થયો ત્યારે તેણે અનેક લોકોના જીવન બદલી નાંખ્યા. ખાસ કરીને છૂટક મજૂરી કામ કરી પેટીયુ રળતા લોકોનું જીવન અઘરૂ બની ગયું હતુ. વ્યક્તિ કામ કરવા તૈયાર હોય તો પણ રોજગારી ક્યાં હતી ? આ સંજોગોમાં બે ટંકનું પૂરૂ કંઇ રીતે કરવું તેની ચિંતા ભાવનાબેનને સતાવી રહી હતી.આ જ સમયે તેમને એન.એફ.એસ.એ. દ્વારા રાહતદરે મળતા અનાજની અંગેની જાણ થઇ.અને તેના લાભ માટેની પ્રક્રિયા પૂર્ણ કરતા તેમને રાહતદરે અનાજ મળતું શરૂ થયું.

ભાવનાબેન દંતાણી આજે જયારે અમદાવાદના શાહીબાગની પ્રિતમપુરા પ્રાથમિક શાળામાં "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"ના સહાય વિતરણ કાર્યક્રમમાં આવ્યા ત્યારે ભાવુક બનીને તેઓએ વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સંવેદનશીલ સરકારનો આભાર માન્યો હતો.તેમણે કહ્યું કે, કોરોનાકપરા કાળમાં ગુજરાન ચલાવવું અત્યંત કપરૂ બની ગયુ હતુ. છૂટક મજૂરી કામ પણ બંધ થયું હતુ. તેવામાં રાજ્ય સરકાર દ્વારા મળતું પેન્શન જ એક માત્ર સહારો હતો. પરંતુ એવામાં સરકાર દ્વારા રાહત દરે અનાજ આપવાની પહેલે અમારા અંધકાર તરફ ધરેલાઇ રહેલા જીવનમાં ફરી વખત ઉજાસ પાથર્યો છે. જે માટે હું રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સંવેદનશીલ ગુજરાત સરકારની હંમેશા ઋણી રહીશ.

નોંધપાત્ર બાબત છે કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વને પાંચ વર્ષ પૂર્ણ થવા જઇ રહ્યા છે. પાંચ વર્ષ સૌના સાથ અને સૌના વિકાસના પૂર્ણ થયા છે. જે અંતર્ગત રાજ્ય ભરમાં વિવિધ દિવસોના આયોજન કરીને સેવાયજ્ઞ આદરવામાં આવ્યો છે.આ સેવાયજ્ઞના પ્રથમ ત્રણ દિવસ એટલે કે જ્ઞાન દિવસ, સંવેદના દિવસ અને અન્ન દિવસને ખરા અર્થમાં સાર્થક કરતું ભાવનાબેનનું જીવન રાજ્ય સરાકારની સંવેદનશીલતાની ઝાંખી કરાવે છે.


અમિતસિંહ ચૌહાણ

पसीने से भींगी तुम नख से शिख तक..
यूं लगती हो जैसे.. भींगा कोई कमल दल

जैसे..चांदनी में नहाई रातरानी का पुष्प
जैसे..ओस की बूंदों से तर हरी दूब खुशबू तेरी मादक

जैसे..महुए का पुष्प जो पास आऊं मैं तेरे
नशे में झूमे मन मेरा बावरा

---- सुनिल शांडिल्य



## રાજ્ય ની ગ્રાન્ટેડ કોલેજો ને પ્રાયવેટ યુનિવર્સીટી માં જોડવા સામે આપ ના વિદ્યાર્થી સંગઠન છાત્ર યુવા સંઘર્ષ સમિતિ દ્વારા ગુજરાત યુનિવર્સીટી ખાતે ઉગ્ર દેખાવો

ખાનગી યુનિવર્સીટી એક્ટ ૨૦૦૯ માં ગ્રાન્ટેડ કોલેજો ને પ્રાયવેટ યુનિવર્સીટી માં જોડવાની મંજુરી આપેલ છે જેના અનુસંધાને સુરત અને વિદ્યાનગર ની ગ્રાન્ટેડ કોલેજોએ પ્રાયવેટ યુનિવર્સીટી માં જોડાવાની જાહેરાત કરી દીધી છે.પરંતુ ગુજરાત યુનિવર્સીટી સલગ્ન કોઈપણ ગ્રાન્ટેડ કોલેજોએ પ્રાયવેટ યુનિવર્સીટી માં જોડાવાની જાહેરાત કરેલ નથી.પરંતુ આજ રોજ આપ ના વિદ્યાર્થી સંગઠન છાત્ર યુવા સંઘર્ષ સમિતિ દ્વારા ગુજરાત યુનિવર્સીટી ખાતે મોટી સંખ્યા માં વિદ્યાર્થીઓ દ્વારા ઉગ્ર દેખાવો કરવામાં આવેલ હતા. છાત્ર યુવા સંઘર્ષ સમિતિની માંગ હતી કે પ્રાયવેટ યુનિવર્સીટી માં જોડાયા પછી ફી કેટલી રાખવામાં આવશે,સ્ટાફ ની ભરતી માટે કયા નિયમ લાગુ કરવામાં આવશે ,ઓબીસી,એસસી,એસટી ના ધારા ધોરણ કયા રહેશે વગેરે ની સ્પસ્ટતા કરવા માટે કહેવામાં આવેલ છે.અને ચીમકી આપવામાં આવી હતી કે જો નિર્ણય સાત દિવસ માં પરત કરવામાં નહિ તો મોટી સંખ્યા માં વિદ્યાર્થીઓ દ્વારા આંદોલન કરવામાં આવશે.

## વંથલી કોંગ્રેસ દ્વારા ભાજપ સરકાર ની નિષ્ફળતા સામે સૂત્રોચ્ચાર કરી રેલી કઢાઇ

આજરોજ વંથલી શહેર અને તાલુકા કોંગ્રેસ દ્વારા વર્તમાન ભાજપ સરકાર ની શિક્ષણ, આરોગ્ય, મોંઘવારી સહિત તમામ ક્ષેત્રે નિષ્ફળતાઓ ના પરિણામે જન જીવન ખોરવાઈ જતાં અને પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસ ના વધતા જતાં ભાવ સામે રોષ પૂર્ણ રેલી કાઢી ભાજપ સરકાર ની નિષ્ફળતા સામે સૂત્રોચ્ચાર કરાયા હતા. ગુજરાત રાજ્ય મા લોકો ની સુખાકારી, પ્રજા લક્ષી કાર્યો કરવાના ભાજપ સરકાર સરેઆમ નિષ્ફળ નિવડતા વર્તમાન ગુજરાત સરકારને ૫ વર્ષ પૂરાં થતાં હોય તેની ઉજવણી અને તાયાફાઓ મા વ્યસ્ત રાજ્ય સરકાર કોરોના કાળમાં બેરોજગાર બનેલ પરિવારોની




વેદનાઓને વાચા આપવા ના બદલે તાયફાઓ કરવામાં વ્યસ્ત રહેતા જનઆક્રોશ ચરમસીમાએ પહોચતા આજરોજ વંથલી કોંગ્રેસ દ્વારા અન્ન અધિકાર અભિયાન અંતર્ગત રાજ્ય મા ગરીબ લાભાર્થીઓને અન્નપૂર્ણા યોજના હેઠળ પૂરતા પ્રમાણમાં અનાજ ફાળવવા અને આ યોજના હેઠળ વધુમાં વધુ લાભાર્થીઓને લાભ આપવા માંગણી કરતું આવેદન પત્ર મામલતદાર વંથલી મારફત રાજ્ય ના રાજ્યપાલ ને પાઠવવામાં આવ્યું હતું.

આ તકે જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોંકિયા, જિલ્લા પ્રભારી હરિભાઈ પટેલ ની ઉપસ્થિતિ મા વંથલી તાલુકાનાં કોંગ્રેસ પ્રમુખ મનસુખભાઈ પાડલિયા, શહેર પ્રમુખ ઈરફાન શાહ સોહરવરદી, કોંગ્રેસ અગ્રણીઓ મુકેશભાઈ ચૌહાણ,શરદ ફળદુ, સિરાજ વાજા, રમેશ વાણવી, કારાભાઈ સિંધલ, તોસિફ અઝીઝ, અજય વાણવી, કારાભાઈ મણવર, લાખાભાઈ કારેથા, સુભાષ ડાંગર, ભરત ચાવડા, સુરેશ સોંદરવા, તાજીમ જાયરા સહિત ના અનેક પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા..

તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

SHRADDHADEEP GREEN CROSS (SINCE 1981)
PATHOLOGY LABORATORY
Molecular Laboratory for COVID RT PCR
604-607, 6th Floor, Vrundavan Trade Center, A Wing,
Nr. Reliance Cross Road, Kudasan, Gandhinagar. Phone : 72029 77073
Mahendra Gajjar Director
First in Gandhinagar
Dr. Dinesh Rathod Director
NABL Accredited
ICMR Approved
Reports with QR Code
Valid for Domestic & International Travel
ડેન્ગ્યુ RT-PCR (ડેન્ગ્યુની સચોટ તપાસ)
ચીકનગુનીયા RT-PCR (ચીકનગુનીયા સચોટ તપાસ)
મલેરીયા RT-PCR (મલેરીયા સચોટ તપાસ)
SECTOR-16 LAB: Plot No. 317, Nr. GH-4 Circle, Sec. -16, G'nagar. Mo. 81530 08666
SECTOR-7/C LAB: Plot No. 910/1, Opp. Civil Hospital, Nr. GH-3 Circle, Sec. - 7/C, G'nagar. Mo. 81530 08777
SECTOR-3/D LAB: Hi-Tech Hospital, Ground Floor, Plot No. 1180, Sec.- 3/D, G'nagar. Mo. 81550 20044
PETHAPUR: A-2, Bosky City Mall, Nr. Russian Bakery, Pethapur Cross Road Mo. 97124 87177, 97249 41191
RAYSAN: C-03, Ground Floor, B/h. Axis & HDFC Bank, Business Park, PDPU Road, Raysan. Mo. 97124 87177
SARGASAN: Sh. No. 5, Ground Floor, Sarthak Mall, B/h. Bank of Baroda, Sargasan Mo. 70460 15025
KUDASAN: 604-607, Vrundavan Trade Center (VTC), Kudasan Mo. 81550 20065
KUDASAN: Sh. No. 14, Ground Floor, Shree Ugati Corporate Park B/h. Vrundavan Sweets, Kudasan Mo. 81550 20065

## રાજ્યની આ સરકારે ગુજરાતમાં ઉન્નતિ અને સમૃધ્ધિનું વાવેતર કર્યુ છે

# સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાના સેવાયજ્ઞમાં બે લાખથી વધુ કાર્ડધારાકોને લાભ અપાયો




રાજ્ય સરકારના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થતા સમગ્ર રાજ્યમાં જનસેવાનો યજ્ઞ આદર્યો છે જેમાં ૧લીથી ૯મી ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમો યોજીને લોકોને સરકારની કલ્યાણકારી યોજનાનો લાભ આપવામાં આવશે. જે અંતર્ગત મંગળવારને ૩જી ઓગસ્ટના રોજ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ટાઉનહોલ ખાતે પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજી બાવળીયાના હસ્તે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના લાભાર્થીઓને અન્ન વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કોરોનાકાળમાં સૌને પોષણ અને સૌને અન્ન સહિતની વિવિધ પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓના અમલમાં મુકી તો રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના કોઇપણ નાગરીક ભોજન વગર ન રહે અને દરકે નાગરીકની અન્ન સુરક્ષા નિશ્ચિત થાય તે માટે કટિબધ્ધતા દર્શાવી. રાજ્ય સરકારે ૨૦૧૬થી રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદાનું અમલીકરણ કરીને રાજ્યના અંત્યોદય અન્ન યોજના અને અગ્રતા ધરાવતા કુટુંબો રાહત દરે અનાજ પુરૂ પાડવામાં આવી રહ્યુ છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યની ૧૭ હજાર કરતા વધુ વ્યાજબી ભાવની દુકાને જરૂરીયાતમંદ કાર્ડધારકોને તેમને મળવા પાત્ર જથ્થો સમયસર અને સુચારૂ રીતે મળી રહે તેવી સુદઢ વ્યવસ્થા ઉભી કરી છે. તેમણે કહ્યુ હતુ કે, રાજ્યમાં કોરોના સંક્રમણના પ્રથમ ત્રણ માસમાં એનએફએસએના ૩.૩૬ કરોડથી વધુ લોકોને વિનામૂલ્યે ઘંઉ, ચોખા, ખાંડ, દાળ અને મીઠાના ફૂડ બાસ્કેટ આપવામાં આવ્યા છે. તો વળી પરપ્રાંતિય કારીગર અને મજૂરો તેમજ ઘર વિહોણા રેશનકાર્ડ વગરના ૬.૩૬ લાખ લોકોને આત્મ નિર્ભર ભારત યોજના અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણ કરાયું છે. તો કોરોના કપરાકાળમાં લોકડાઉન દરમિયાન મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત રાજ્યના ૬૫.૪૦ લાખ રેશનકાર્ડ ધારકો તથા ૩.૪૦ લાખ નોન એનએફએસએના બીપીએલ કાર્ડધારકો તેમજ શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ નોંધાયેલા૬.૩૮ લાખ બાંધકામ શ્રમયોગીઓનો પ્રતિકુટુંબને રૂ એક હજારની સહાય પુરી પાડવામાં આવી છે. જો સાબરકાંઠા જિલ્લાની વાત કરીએ તો આજે જિલ્લાના ૧૬ શહેરી વિસ્તાર તથા ૧૦ તાલુકાકક્ષાના અન્ન વિતરણ કરાશે જિલ્લામાં લોકડાઉન દરમિયાનના પ્રથમ ત્રણ માસમાં ૨,૦૧,૫૩૦ કાર્ડધારકોના ૧૦.૦૬ લાખ જનસંખ્યાને વિનામૂલ્યે અનાજનું વિતરણ કરવામાં આવ્યું છે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, અમદાવાદમાં મેટ્રો, રાજકોટમાં એઇમ્સ, સ્ટેચ્યુ ઓફ યુનિટી લોકડાઉનમાં વિનામૂલ્યે અનાજ વિતરણ સહિતની અનેક વિધ સિધ્ધિઓ થકી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની ઉન્નતિ અને સમૃધ્ધિનું વાવેતર કર્યુ છે. જરૂરીયાતમંદ લોકો ઇચ્છી રહ્યા હતા કે તેમને તમામ યોજનાઓનો લાભ એક જ સ્થળેથી મળી રહે તે ગઇકાલના સેવાસેતુના કાર્યક્રમમાં જોવા મળ્યું.

કાર્યક્રમ જિલ્લા સંગઠનના પ્રમુખ શ્રી જે.ડી.પટેલે પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતું, આ સાથે દિલ્હીથી વડાપ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઇ કાર્યકમમાં વર્ચયુલી ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું અને યોજનાના લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના આ યોજનાના લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે અનાજ કિટસનું વિતરણ કરાયું હતું

આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાન, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી રાહુલ ચૌધરી, સાબરડેરીના પૂર્વ ચેરમન શ્રી જેઠાભાઇ પટેલ, કૌશલ્યાકુંવરબા સંગઠન ઉપાધ્યક્ષ, પુરવઠા તથા વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મયોગીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલજીભાઈ દેસાઈ
સાબરકાંઠા

## પાંચ વર્ષ આપણી સરકારના : પાંચ વર્ષ સૌના સાથના, સૌના વિકાસના

# રાજ્યનો શ્રમિક,ગરીબ, જરૂરિયાતંમદ નાગરિક ભૂખ્યો ન રહે તેની સરકારે કાળજી રાખી-: શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

૧૦૦ વર્ષે આવેલી કોરોની કપરી મહામારી વચ્ચે પણ રાજ્ય અને કેન્દ્ર સરકારે સંવેદનશીલતા સાથે નાગરિકોની આંતરડી ઠારવાનું શુભ કાર્ય કરી પ્રજાજનોના આશીર્વાદ મેળવ્યા છે, તેમ રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. "પ્રધાનમંત્રી ગરીબ કલ્યણ અન્ન યોજના" હેઠળ ગરીબોને વિના મૂલ્યે અનાજ વિતરણના સેવાયજ્ઞ સંદર્ભે અમદાવાદના શાહીબાગ વિસ્તારની પ્રિતમપુરા સરકારી શાળામાં યોજાયેલા કાર્યક્રમને સંબોધતા ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ કહ્યું કે, કોરોના અને લોકડાઉન વચ્ચે પણ સરકારે પ્રજા કલ્યાણના સેવાયજ્ઞની જ્યોત જલતી રાખી હતી અને.જન જન સુધી રેશન પહોંચાડ્યું અને પ્રજાજનોની જન સુખાકારી માટેનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

મંત્રીશ્રીએ કોરોનાના કપરા કાળમાં લોકડાઉનના સમય વખતની સરકાર દ્વારા પ્રજાકલ્યાણના કાર્યોમાં તમામ વિભાગોના અધિકારી, કર્મચારી અને સેવાભાવી સ્વયંસેવકો પ્રજાહિતના કાર્યો કરીને કંઇ રીતે કોરોનાની વિકટ પરિસ્થિતિનો સામનો કર્યો છે તેની પણ વિસ્તૃત રૂપરેખા આપી હતી.

૭ મી ઓગસ્ટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળ સરકાર પાંચ વર્ષ પૂર્ણ કરવા જઇ રહી છે ત્યારે ઉજવણી નહી, પરંતુ પ્રજાની વચ્ચે જઇને સેવાની સુવાસ પ્રસરાવવાનું કાર્ય કરી રહી હોવાનું મંત્રીશ્રીએ કહ્યું હતુ.

મંત્રીશ્રીએ કહ્યું કે , અમદાવાદના દરેક ગરીબ , જરૂરિયાતમંદ અને શ્રમિક નાગરિકોને સરળતાથી વિનામૂલ્યે અનાજ ઉપલબ્ધ થાય તે માટે પારદર્શકતા અને સંવેદનશીલતા સાથે શ્રી વિજયભાઈના નેતૃત્વમાં આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં લોકડાઉનના પ્રથમ તબક્કામાં ૬૫.૪૦ લાખ એન.એફ.એસ.એ. અંતર્ગત ૩.૩૬ કરોડ જેટલા નાગરિકોને ફૂડ બાસ્કેટ પહોંચાડવાનું કાર્ય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું હતુ, તેમ જણાવતા મંત્રી શ્રી એ ઉમેર્યું કે , કોરોનાની બીજી લહેર બાદ રાજ્યના ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકોનેસસ્તુ અનાજ અને વિનામૂલ્યે અનાજનો લાભ મળી શકે તે માટે "વન નેશન,વન રેશન" ની નીતિ ઘડવામાં આવી છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા જૂલાઇ થી નવેમ્બર સુધી જરૂરિયાતમંદ નાગરિકોને વિનામૂલ્યે અનાજ પહોંચાડવાનો સેવાયજ્ઞ આદરવામાં આવ્યો છે જેના પગલે રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર સેવાકીય કાર્ય કરી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના શ્રમિકો પરિવારોને અનાજ મેળવવામાં પડતી મુશકેલીના પ્રશ્નોના વ્યવહારૂ સમાધાન થી નિરાકરણ લાવીને દરેક નાગરિકને કોઇપણ સ્થળથી અનાજ મળી રહે તે માટેની સુદ્રઢ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

મંત્રીશ્રીએ રાજ્યમાં કે દેશમાં કોરોનાની ત્રીજી લહેર ના આવે તે માટે અસીમ કૃપાળુ પરમાત્માને અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરી હતી. અને જો કોરોનાની ત્રીજી લહેર આવે તો પણ રાજ્ય સરકાર દ્વારા તેનો પુરી રીતે સામનો કરવાની તૈયારી કરી આવી હોવાનું જણાવી આવનારા સમયમાં પણ જરૂર જણાતા જરૂરિયાતમંદોને વિનામૂલ્યે સમયસર રાશન પહોંચતુ કરવામાં આવશે તેવો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યણ અન્ન યોજના હેઠળના આજના કાર્યક્રમમાં અમદાવાદ શહેરના પ્રથમ નાગરિક શ્રી કિરીટભાઇ પરમાર, અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રી સંદિપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલીયા, અમદાવાદ સ્કુલ બોર્ડના ચેરમેન શ્રી ધીરેન તોમર, એફ.પી.એસ એસોશીએશનના ચેરમેન શ્રી પ્રહલાદભાઇ મોદી સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-અમિતસિંહ ચૌહાણ




સસ્તા અનાજની દુકાને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના વિતરણ ઈઊટરડા ઈતેનપુર ઈરમોસ ઈચાંદરેજ ગામે કરવામાં આવ્યું તેમાં પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, તાલુકા પ્રભારી, પૂર્વ જિલ્લા, તાલુકા સદસ્ય સરપંચ સંગઠન ના હોદેદાર , કાર્યકર્તા તેમજ ગ્રામજનો સાથે હાજર રહી લાભાર્થી ઓને કીટ વિતરણ કરવામાં આવી...

# માણાવદર ના દર્શન ચશ્મા ગ્રુપ દ્વારા ગરીબોને છત્રીનું દાન: સેવા ધર્મની મહત્તા સાર્થક કરતુ દર્શન ચશ્મા ગ્રુપ



×જનસેવા એ જ પ્રભુસેવા× એ બહુ જાણીતું સૂત્ર છે જેને ભૂખ્યા જનોને ભોજન આપ્યું નથી, જેને દુઃખીયાના આંસુ લૂછ્યાં નથી. એ પ્રભુના પ્રેમાળ સ્પર્શથી દૂર રહે છે.. સાચી સેવા નિષ્કામભાવે થઈ શકે સકામ ભાવે કરેલી સેવા માત્ર સ્વાર્થ સાધન જ બની રહે છે.આપણા ઈતિહાસના પાના પર માત્ર શુરવીરોના પરાક્રમો જ નહીં પણ સેવકોની સેવાના ઉદાહરણો પણ સુવર્ણ અક્ષરે લખાયેલા છે

આર્થિક સંપન્ન અને ૨૫ શહેરોમાં પોતાની બ્રાન્ચો ધરાવતા દર્શન ચશ્મા ગ્રુપનું લક્ષ્ય ધન કમાવવું જ નહીં પણ એ ધન જરૂરિયાત પાછળ વાપરી પુણ્યનું ભાથું બાંધવા નું લક્ષ્ય સેવ્યું છે. ચોમાસાની ઋતુમાં ગરીબ લોકો જ્યા પેટનુ પણ પૂરું કરી શકતા ન હોય ત્યાં ૧૦૦ રૂપિયા ની છત્રી ખરીદી ન શકે એવા વિચારે દર્શન ચશ્મા ગ્રુપે ઝુપડપટ્ટી વિસ્તારોમાં ફરીને દરેક ગરીબોને વિનામૂલ્યે છત્રીનું વિતરણ કર્યું છે.દર્શન ચશ્મા ગ્રુપના એમ.ડી. બીપીન પટેલ પોતાના ધમધોકાર ચાલતાં ધંધાને પણ કોરાણે મૂકી સેવા તરફ લક્ષ્ય સેવી રહ્યા છે. તેમણે આ અગાઉ દરેકને મફત માસ્ક વિતરણ કર્યું હતું. ઝૂંપડપટ્ટીના લોકોને ફૂટ પેકેટ પોતે જ ઝુપડે ઝુપડે ફરીને વેચ્યા હતા.સ્વચ્છતા અભિયાનને વેગ આપવા તેમણે શહેરમાં સ્વચ્છતાના બેનરો લગાવ્યા હતા અને લોકજાગૃતિ ઊભી કરી.આ ગ્રુપ દ્વારા એક વિકલાંગ બાળક ને પણ દત્તક લઈને સેવાનું મોટુ ઉદાહરણ પૂરું પાડ્યું છે ગરીબોને બિસ્કીટ, ચોકલેટ, ફૂડ પેકેટનું વારંવાર વિતરણ કરવામાં આવી રહ્યું છે

નિસ્વાર્થ ભાવે કરેલી સેવા જ ધર્મનું સ્વરૂપ ધારણ કરી શકે છે એમ બીપીન પટેલ કહે છે ને ઉમેરે છે કે જો દેશમાં દરેક ધનવાનો ગરીબો પ્રત્યે સહાનુભુતિ બતાવતા થઈ જાય તો અને આવા સેવા ધર્મોનાં જીવનમાં અંગીકાર થઈ શકે તો જ ઈશ્વરના ઋણમાંથી મુક્તિ મેળવી શકાય બીપીન પટેલ ના આવા સેવાકાર્યો થી જનતા ભારે પ્રભાવિત થઈ છે તેમના તરફથી આવી સેવાનો યજ્ઞ સતત ચાલુ રહે એવી અભ્યર્થના

તસવીર અહેવાલ - જીગ્નેશ પટેલ માણાવદર

# આજે હિંમતનગરના ટાઉન હોલ ખાતે "નારી ગૌરવ દિવસ"નો કાર્યક્રમ યોજાશે

રાજ્ય સરકારના પાંચ વર્ષના સુશાસનના સેવાયજ્ઞના ભાગરૂપ આજે ૪ ઓગસ્ટના રોજ સમગ્ર ગુજરાતમાં મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષના કાર્યક્રમ યોજાનાર છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના હિમતનગરના ટાઉન હોલ ખાતે આજે ૪ ઓગસ્ટ બુધવારના સવારે ૯-૧૫ કલાકે મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલની ઉપસ્થિતિમાં નારી ગૌરવ દિવસનો કાર્યક્રમ યોજાશે

આ પ્રસંગે જીલ્લા કલેકટરશ્રી હિતેષ કોયા, જીલ્લા વિકાસ અધિકારીશ્રી નીતિન સાંગવાન તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી ડામોર તથા સંખીમંડળોની મહિલાઓ અને લાભાર્થીઓ ઉપસ્થિતિ રહેશે.

માલજીદેસાઈ સાબરકાંઠા

## પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીઆએ

# સરકીટ હાઉસ ખાતે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી

પાણી પુરવઠા, પશુપાલન , ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ હિમતનગર ટાઉન હોલ ખાતે પ્રધાનમંત્રીશ્રી, ગરીબ કલ્યાણ યોજના હેઠળ લાભાર્થીઓને અનાજ વિતરણ કર્યા બાદ હિંમતનગર સરકિટ હાઉસ ખાતે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે વિભાગની કામગીરી પ્રગતિ અને લોકાર્પણ થઇ શકે તેવા પૂર્ણતાને આરે હોય તેવા કામોની સમીક્ષા કરી હતી. અને બાકીના જિલ્લામાં પાણી પહોંચવાડવાની યોજના હાલ કયા સ્ટેજે છે. અને કેટલી પ્રગતિ થઇ છે. તેની સબંધિત અધિકારીઓ સાથે સમીક્ષા કરી જરૂરી સૂચનો અને માર્ગદર્શન કર્યુ હતું. અને નલ સે જલ યોજના લોકોના ઘર સુધી પહોંચે તેવું આયોજન અમલીકરણ કરવા અધિકારીને જણાવ્યું હતુ. ટેન્ડર પ્રર્કિયા તેમજ મંજૂરી



મેળવવાની કામગીરીને અગ્રિમતા આપી ઝડપી પૂર્ણ કરી લોકોની સુખાકારીમાં વધારો કરવા જણાવ્યું હતુ. આદિવાસી વસ્તી ધરાવતા વિજયનગર, પોશીના અને ખેડબ્રહ્મા તાલુકાના ગ્રામીણ વિસ્તારને પ્રાધાન્ય આપવા પણ ભાર મૂકયો હતો. અને કૂવા, બોર તેમજ પાઇપ લાઇન મારફત પાણી મળી રહે તેવા સ્થાનિક સ્રોતનો પણ ઉપયોગ કરવા જણાવ્યું હતુ. વાસ્મો દ્વારા થયેલા કામોની પ્રગતી યુનિટ મેનેજરે માહિતી આપી હતી.

આ બેઠકમાં પાણી પુરવઠા અધિક્ષક ઇજનેરશ્રી કે.કે.બોદર યાંત્રિક વિભાગના કાર્યપાલક ઇજનેર અને વાસ્મોના યુનિટ મેનેજરશ્રી નવીન પટેલે મંત્રીશ્રીનું સ્વાગત કરીને પ્રગતિનો ચિતાર રજૂ કર્યો હતો..

માલજીભાઈ દેસાઈ
સાબરકાંઠા

# સાણંદ તાલુકામાં ૧૯૧૫ લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળ્યો

અમદાવાદના સાણંદ ખાતે નગરપાલિકા હોલમાં "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણના કાર્યક્રમનું આયોજન કરાયું હતુ.

આ પ્રસંગે સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઇ પટેલે જણાવ્યું હતું કે, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના સુશાસનને જ્યારે પાંચ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે સમગ્ર ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ સાણંદમાં લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવી રહ્યું છે. વધુમાં જણાવ્યું હતું કે,સમગ્ર વિશ્વ જ્યારે કોરોના મહામારીથી પીડાઈ રહ્યો છે, ત્યારે મહામારીના આવા કપરા સમયમાં દેશનો એક પણ નાગરિક ભૂખ્યો ન સુવે તેવો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ છે. ભારત જેવા વિશાળ દેશમાં ૧૩૦ કરોડની વસતી છે, પરંતુ એક પણ નાગરિક ભોજન થી વંચિત રહ્યો નથી. ધારાસભ્યશ્રી વધુમાં જણાવ્યું હતું કે , લોકડાઉન દરમિયાન અને લોકડાઉન પછી પણ તમામ લોકો સુધી વિના મૂલ્યે અનાજ મળી રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

માત્ર બાવળા અને સાણંદ નહી પરંતુ સમગ્ર અમદાવાદ જિલ્લામાં અનાજ ની કીટો વિતરણ કરવામાં આવી છે. આપણી સરકારે ખરેખર સંવેદનશીલ સરકાર છે જેણે રાજ્યના દરેક નાગરિકની ચિંતા કરી છે. ઘણી કલ્યાણકારી યોજનાઓ, બીપીએલ, વન નેશન - વન રેશન, દ્બહ્લજીછ , જેવી વિવિધ યોજનાઓ નો લાભ સતત છેવાડાના વ્યક્તિ સુધી મળે તેની દરકાર સરકાર કરતી આવી છે,

ઉલ્લેખનીય છે કે, સાણંદ તાલુકાના કુલ ૧૯૧૫ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળ્યો છે. જેમા દિવ્યાંગ લાભાર્થીઓ ૫૮, પેન્શન મેળવતી ગંગાસ્વરૂપ બહેનો ૧૧૬૮, ૬૦ વર્ષથી ઉપરના વૃદ્ધ પેન્શનનો લાભ મેળવતા વ્યક્તિઓ ૨૩૯, શ્રમ અને રોજગારમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો ૪૫૦નો સમાવેશ થાય છે. આ પ્રસંગે લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ અરવિંદ સિંહ વાઘેલા, પ્રાંત અધિકારી શ્રી જે.જે.પટેલ, નગરપાલિકાના ઉપપ્રમુખશ્રી ભીખાભાઈ તેમજ વિવિધ પદાધિકારીઓ, લાભાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

-અંજલી શુક્લ

# શ્રી રામ જન્મભૂમિ અયોધ્યાનાં ટ્રસ્ટી સાથે શુભેચ્છા મુલાકાત કરતા યુવા નેતા રસિક ચાવડા



શ્રી રામ જન્મભૂમિ અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામ નું ઐતિહાસિક મંદિર નિર્માણ પામી રહ્યું છે જેમાં ૧૫ જેટલા સભ્યો નું ટ્રસ્ટ આ મંદિર નિર્માણ નું સંચાલન કરી રહ્યા છે ત્યારે અજમેર ખાતે યોજાયેલી અખિલ ભારતીય કોળી સમાજની રાષ્ટ્રીય કારોબારી બેઠકમાં રામ જન્મભૂમિ અયોધ્યા મંદિર નિર્માણ નાં ટ્રસ્ટી અને વિશ્વ હિન્દુ પરિષદ બિહાર ના પ્રદેશ પ્રમુખ કામેશ્વર ચોપાલ ની સાથે સાથે યુવા નેતા રસિક ચાવડા એ શુભેચ્છા મુલાકાત લીધી અને મંદિર નિર્માણ અંગે ની માહિતી મેળવી હતી તથા સામાજિક અને રાજકીય ચર્ચા ઓ કરવામાં આવી હતી. આ કારોબારી માં હેમંતભાઈ ભાટી દ્વારા યુવા નેતા રસિકભાઈ ચાવડા નું મોમેંટો આપી સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના દ્વારા કરવામાં આવી રહેલી સમાજ હિત અને લોક હિતની કામગીરી ને બિરદાવી હતી.

## એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિકભાઈ સંઘાણીનો બુધવારે

# આકાશવાણીમાં ગ્રામજનો અને ખેડૂતભાઈ–બહેનો માટેનો કાર્યક્રમ 'ગામનો ચોરો'

સૌરાષ્ટ્રનાં સેવા જગતમાં અનેરૂ નામ ધરાવતાં, યુવા-તરવરીયા, પ્રખર જીવદયા પ્રેમી, સેવાક્ષેત્રનો પ્રતિષ્ઠીત ×ગારડી એવોર્ડ× વિજેતા, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા પણ સન્માનીત, એનીમલ હેલ્પલાઈનનાં સેક્રેટરી તથા જૈન સમાજનાં યુવા અગ્રણી, રાજકોટની શ્રી કરૂણા ફાઉન્ડેશન સંચાલીત એનીમલ હેલ્પલાઇન તથા અન્નક્ષેત્ર અને નિઃશુલ્ક વેટરનરી હોસ્પીટલ-શેલ્ટર, જીલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમીતીનાં ટ્રસ્ટી તેમજ સમસ્ત મહાજન, પીપલ ફોર એનીમલ્સ, બ્યુટી વિધાઆઉટ ક્રુઆલ્ટી વિવેકાનંદ યુથ ક્લબ, થેલેસેમિયા જનજાગૃતિ સમીતી, દિકરાનું ઘર વૃધ્ધાશ્રમ, મિત્ર ફાઉન્ડેશન, એનીમલ વેલફેર બોર્ડ, ગુજરાત રાજ્ય ગૌશાળા પાંજરાપોળ સંઘ, વિવિધ ગૌશાળા અને પાંજરાપોળો સાથે ખૂબ જ સક્રિય રીતે જોડાયેલા છે.

પ્રતિકભાઈ સંઘાણી સાથે આકાશવાણી, રાજકોટમાં તા. ૦૪, બુધવારે, સાંજે ૭-૨૦ કલાકે ગ્રામજનો અને ખેડૂત ભાઈ-બહેનો માટે ગામનો ચોરો' કાર્યક્રમ યોજાશે.

પ્રતિકભાઈ સંઘાણીને સ્માર્ટ મોબાઈલનાં સથવારે તથા રેડીયોનાં તમામ કાર્યક્રમો રેડીયો સેટ (370,3mlrs/81)khz) ઉપરાંત વિશ્વના કોઈપણ ખૂણે લાઈવ સાંભળી શકાશે. YouTube : Live streaming on: https://www.youtube.com/channel/UCej1xNisg1jgk81B0yK_TQ જોઈ શકાશે. વિશેષ માહિતી માટે પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.